

RNI No. GUJGUJ/2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક



તંત્રી : શ્રી અજયકુમાર રમણલાલ પ્રજાપતિ (અજય પટણી)

રજી. ઓફીસ : ૧૩૧, ધર્મનગર સોસાયટી, હાઈવે રોડ, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫, ગુજરાત, ભારત.

ફોન / ફેક્સ : (૦૭૯) ૨૭૫૭ ૩૩૦૭, ૯૦૧૬૩ ૩૩૩૦૭ (મો) ૯૩૨૮૩ ૩૩૩૦૭, ૯૮૨૫૩ ૩૩૩૦૭, Email : garvigujarat2007@yahoo.com • Email : garvigujarat2007@gmail.com • Website : www.garvigujarat.co.in

વર્ષ : 10 | અંક : 214 | તા. 15-04-2018, રવિવાર | વિ. સં. 2074 | ચૈત્ર વદ-14 | પાના : 04 | કિંમત : 00.50 પૈસા

# સીરિયામાં અમેરિકાનો 'મિસાઈલ એટેક' : રશિયા લાલઘૂમ

(જી.એન.એસ)વૉશિંગ્ટન/મૉસ્કો, તા.૧૪ અમેરિકાએ સીરિયાની વિરૂદ્ધ યુદ્ધની જાહેરાત કરી દીધી છે. મીડિયા રિપોર્ટ્સના મતે સીરિયાની રાજધાની દમિશ્કમાં હવાઈ હુમલો કરાયો. અમેરિકાની આ કાર્યવાહીમાં બ્રિટન અને ફ્રાન્સ પણ સાથે છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રને સંબોધિત કરતાં કહ્યું કે અમેરિકાએ સીરિયાની વિરૂદ્ધ યુદ્ધ છેડી દીધું છે અને તેમાં બ્રિટન અને ફ્રાન્સ પણ સામેલ છે. સીરિયામાં અમેરિકન હુમલાથી રશિયા ભડક્યું છે. રશિયાન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બોલ્યા અપમાન સહન કરાશે નહીં. મીડિયા રિપોર્ટ પ્રમાણે એક રૂસી રાજદૂતે ચેતવણી ભર્યા લહેકામાં કહ્યું કે અમેરિકા હુમલા બાદ હવે પરિણામ ભોગવવા માટે તૈયાર રહે. સીરિયામાં થયેલા હુમલાને ધ્યાનમાં રાખીને રશિયાએ યુનાઈટેડ નેશન સિક્યોરિટીની એક ઈમરજન્સી બેઠક બોલાલી છે. ગૃહયુદ્ધની આગમાં સળગી રહેલા સીરિયામાં મિસાઈલ અને હવાઈ હુમલા શરૂ થઈ ગયા છે. સીરિયામાં કેમિકલ હુમલાના જવાબમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મિસાઈલ હુમલાના આદેશ આપવાની સાથે જ લશ્કરી કાર્યવાહી શરૂ કરાઈ છે. બ્રિટન અને ફ્રાંસે પણ અમેરિકાને સાથ આપ્યો છે. તેની સાથે જ સીરિયાના રાષ્ટ્રપ્રમુખ બશર અલ અસદે ટ્વિટ કરીને પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે સારી આત્માઓને દબાવી શકાશે નહીં. સીરિયામાં હુમલાના એલાનની સાથે દમિશ્કની નજીક વિસ્ફોટોના અવાજ સંભળાયા છે. અમેરિકાએ કાર્યવાહીમાં યુદ્ધવિમાનો અને યુદ્ધજહાજોનો પણ ઉપયોગ કર્યો છે. આ હુમલામાં ઘણાં પ્રકારના બોમ્બનો ઉપયોગ થઈ રહ્યો છે. રશિયાએ અમેરિકાની મિસાઈલો તોડી પાડવાની ચેતવણી આપી છે. જેને કારણે સીરિયામાં મહાસત્તાઓ વચ્ચેનો તણાવ એક વૈશ્વિક સમસ્યાને વધુ ડખોળનારી સાબિત થવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. એક તરફ અમેરિકા સીરિયામાં બીજી વખત કેમિકલ વેપન્સના ઉપયોગનો આરોપ લગાવી રહ્યું છે. તો બ્રિટનના વડાંપ્રધાન થેરેસા મેએ કહ્યું છે કે સીરિયામાં હુમલો કરવા સિવાય કોઈ વિકલ્પ બાકી બચ્યો ન હતો. મહત્વપૂર્ણ છે કે તાજેતરમાં સીરિયાના ડૂમામાં કેમિકલ એટેક કરવામાં આવ્યો હતો અને તેના કારણે બાળકો અને મહિલાઓ સહીત પાંચસો લોકો અસરગ્રસ્ત બન્યા હતા. આ હુમલાની આખી દુનિયામાં ટીકાઓ થઈ હતી. અમેરિકા દ્વારા રશિયા, ઈરાન અને સીરિયાના રાષ્ટ્રપ્રમુખ બશર અલ અસદ પર આરોપ લગાવ્યા હતા. અમેરિકાના જોઈન્ટ ચીફ્સ ચેરમેન જનરલ જોસેફ ડુનફોર્ડનું કહેવું છે કે રશિયાના સુરક્ષાદળો સાથે ટકરાવનું જોખમ ઓછું હોય તેવા સીરિયન સરકારના ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. અમેરિકાના સંરક્ષણ પ્રધાન જેમ્સ મેટિસે પણ કહ્યુ છે કે સીરિયાની સરકારે છેલ્લા કેમિકલ એટેક બાદની ચેતવણીમાંથી કોઈ બોધપાઠ લીધો નથી. તેને કારણે આકરું પગલું ઉઠાવવું પડ્યું છે. જો કે સીરિયાની આગ વિશ્વને દઝાડે તેવી સંભાવનાઓ આકાર લઈ રહી છે. સીરિયા દ્વારા અમેરિકાની મિસાઈલા ને તોડી પાડવાની ચેતવણી આપવામાં આવી છે. રશિયા દ્વારા અમેરિકા સામે આકરા તેવરો અખત્યાર કરવામાં આવ્યા હોવાને કારણે સીરિયાનો તણાવ વૈશ્વિક સ્તરે પણ ઘેરો બને તેવી શક્યતાઓ છે. અમેરિકામાં રશિયાના દૂતાવાસે કહ્યુ છે કે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનનું અપમાન ક્યારેય સહન કરવામાં નહીં આવે. સીરિયા પર હવાઈ હુમલાથી અમેરિકા અને પશ્ચિમી દેશોના ગઠબંધન તથા રશિયા વચ્ચે ટકરાવની આશંકા વધી ગઈ છે. રશિયા અને અમેરિકા વચ્ચે કોઈ સૈન્ય ટકરાવ સર્જાવાની સ્થિતિમાં વૈશ્વિક પરિવેશ કલૂષિત થવાની અને તેના વિશ્વ યુદ્ધમાં ફેરવાય તેવી પ્રબળ શક્યતાઓની આશંકાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાઓ પણ વધી છે. સીરિયાના ગૃહયુદ્ધમાં અસદની સરકારને રશિયા, ઈરાન અને હિઝબુલ્લાનો ટેકો મળ્યો છે. તો અસદ સામે લડી રહેલા બંડખોર જૂથોને અમેરિકાની ગઠબંધન સેના. તુર્કી અને સાઉદી અરેબિયાના દોરીસંચારવાળી ખાડી દેશોની સેનાનો સાથ મળ્યો છે. રક્કામાં આઈએસના ખાત્મા બાદ હવે સીરિયામાં તુર્કી સેનાઓ આફરીન પ્રાંતમાં કાર્યવાહી કરી રહી છે. મિડલ ઈસ્ટ સૂત્રોના જણાવ્યા અનુસાર, સીરિયાનો સરમુખત્યાર બશર અલ-અસદે રશિયાની મદદથી સીરિયા છોડી દીધું છે. અસદ હાલ તેના નજીકના મિત્રો સાથે ઈરાન પહોંચી ગયો છે. સીરિયાની



મિલિટરીને પણ તેઓના જેટ્સ રશિયન કંટ્રોલ એરફિલ્ડમાં લાવી દેવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. જેથી યુએસ સૈન્ય તેને નુકસાન ના પહોંચાડી શકે. આપને જણાવી દઈએ કે પૂર્વ ગુટાના ડુમામાં તાજેતરમાં સીરિયા દ્વારા રાસાયણિક હથિયારોનો ઉપયોગ થવાના લીધે જાન-માલને ભારે તબાહી મચી હતી. આ હુમલામાં ૭૦થી વધુ લોકોના મોત થયા. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલા માટે સીરિયન સરકારને દોષિત ગણાવી સૈન્ય કાર્યવાહીની ચેતવણી આપી હતી. અમેરિકાએ તે સમયે જ રશિયાને પણ હુમલા માટે દોષિત ગણાવી નિવેદન રજૂ કર્યું હતું.

## ચિપ્સ, બર્ગર, પીઝા, કોલ્ડ્રિંક્સની જાહેરાતો ઉપર પ્રતિબંધ મૂકો

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૪ દેશમાં શેરીએ શેરીએ વેંચાઇ રહેલા જંક ફૂડથી બાળકોના આરોગ્ય ઉપર ગંભીર માઠી અસર પહોંચી રહી છે. આવા ફૂડમાં ખાંડ અને સોલ્ટનું પ્રમાણ વધારે હોય છે. ત્યારે આવી વસ્તુઓની જાહેરાતો ઉપર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત હ્લજીજીછૈં દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી છે. જો કે આવી વસ્તુઓનું ઉત્પાદન જ બંધ કરાવી દેવાના બદલે ફક્ત કહેવાતા પગલા લઈને માની લેવાતો સંતોષ કેવો અસરકારક રહે છે ? તે આગામી સમય જ બતાવશે. હ્લજીજીછૈંનુ કહેવુ છે કે આલૂ ચિપ્સ,આચાર અને બધાજ પ્રકારના રેડી-ટૂ-ફૂડમાં ખાંડ અને સોલ્ટનુ પ્રમાણ વધારે માત્રામાં હોય છે. જેની બાળકોના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે. તેમજ આ બધી વસ્તુની જાહેરાત જોઈને સૌથી વધુ બાળકો પ્રભાવિત થાય છે. જો સરકાર આ દરખાસ્તને માની લે તો સૌથી વધુ ખરાબ અસર તે કંપનીઓ પર પડશે જે ચિપ્સ, બર્ગર. પીઝા, કોલ્ડ ડ્રિંક વગેરેની જાહેરાતો આપે છે. આ કંપનીઓમાં કોકા કોલા, પેપ્સી, મેકડોનાલ્ડ, બર્ગર કિંગ, પીઝા હટ, ડોમિનોઝ, નેસ્લે, હિંદુસ્તાન યુનિલીવરનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતિ અનુસાર બાળકોને જંક ફૂડથી થઈ રહેલ નુકસાનને બચાવવા માટે ૯ મોટી કંપનીઓએ નિર્ણય કર્યો છે કે તે પોતાની જાહેરત કાર્ટુન ચેનલ પર નહી બતાવે. બાળકો સૌથી વધુ કાર્ટન ચેનલ જોવે છે અને જાહેરાત તેના મન પર ઉંડી અસર કરે છે. જંક ફૂડના કારણે બાળકોથી લાઈને યુવાનોને ઘણી બીમારીઓ થઈ રહી છે. એક સર્વે અનુસાર જંક ફૂડ ખાવાથી ડિપ્રેશનની સમસ્યા ઉભી થતી હોવાનુ સામે આવ્યુ હતુ.

## લોકસભા ચુંટણીને લઈ અમિત શાહે મિશન ૮૦ની યોજના બનાવી

(હિં.સ),નવીદિલ્હી,તા.૧૪ બહુજન સમાજ પાર્ટી (બસપા),સમાજવાદી પાર્ટી સપા અને કોંગ્રેસના સંભવિત ગઠજોડના અહેવાલોને લઈ ભલે જ રાજનીતિક નિષ્ણાંત ૨૦૧૯ની લોકસભા ચુંટણીને લઈ રીત રીતના ગુણા ભાગમાં લાગી છે પરંતુ ભાજપ આ વખતે રાજયની તમામ ૮૦ બેઠકો જીતવાની યોજનામાં લાગી છે. ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં રાજયમાં અખિલેશ યાદવની સરકાર હોવા છતાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે એવી યોજના બનાવી હતી કે તેમની પાર્ટીએ સાથી પક્ષોની સાથે મળી ૭૩ બેઠકો પર જીત હાંસલ કરી હતી. સૂત્રોનું કહેવું છે કે બે દિવસ પહેલા લખનૌમાં અમિત શાહે પાર્ટી નેતાઓની સાથે બેઠકમાં કહ્યું હતુ કે આ વખતે ભલે મજબૂત વિપક્ષનો સામનો કરવો પડે, પરંતુ અહી આપણે ગભરાવાની જરૂર નથી. તેમણે પાર્ટી નેતાને કહ્યું કે છેલ્લી વાર આપણે વિપક્ષમાં હતા. પરંતુ આ વખતે સત્તામાં છીએ. આપણે જો પોતાના સરકારના કામો જનતા સુધી પહોંચાવામાં સફળ રહીએ તો છેલ્લી વાર પણ વધારા સારુ પ્રદર્શન કરી શકીએ છીએ. બેઠકમાં અમિત શાહને પાર્ટી નેતાઓ અને યોગી સરકારના મંત્રીઓ સ્પષ્ટ રીતે કહ્યુ છે કે તે મહીના અંદર ફરીથી લખનૌ આવશે. ત્યા સુધી તે જનતાની તરફથી આવી રહેલી ફરિયાદો દુર કરી દેવામાં આવે. શાહની તૈયારી એ છે કે સપા, બસપા અને કોંગ્રેસ સાથે ગઠબંધને કોઈ તક આપવામાં ન આવે. તેમને ઘેરવા માટે અમિત શાહ મે માં થનાર લખનૌ મુલાકાતમાં પાર્ટી નેતાઓ અને કાર્યકર્તાઓને મંત્ર આપશે. તેના માટે ક્ષેત્રવાર સમ્મેલનની તૈયારી કરી રહ્યા છે. ૨૦૧૭માં યુપીમાં થયેલી વિધાનસભા ચુંટણી દરમિયાન અમિત શાહેએ સમગ્ર રાજયને ૬ ભાગમાં વહેચી દીધો હતો. તેના પછી તેમણે બૂથ લેવલના કાર્યકર્તાઓની સાથે બેઠક કરી હતી. ૨૦૧૯ની લોકસભા ચુંટણીની પહેલા પણ શાહ આ સમિકરણને અમલમાં મુકવાની તૈયારીમાં છે. ભાજપની તૈયારી છે કે ચુંટણી દરમિયાન યુપીના દરેક બૂથ પર ઓછામાં ઓછા ભાજપના પાંચ કર્યકર્તા હાજર રહે. ભાજપ આંબેડકર જયંતીને બહાને ૧૪ એપ્રિલથી પાંચ મે સુધી રાજયમાં અભિયાન ચલાવીને લોકોને પાર્ટી સાથે જોડવાનો પ્રયત્ન કરશે. આ અભિયાનને સફળ બનાવવાની જવાબદેહી સાંસદો, ધારસભ્યો, મંત્રિઓ અને સંગઠન પદાધિકારીઓને સોપી છે. ભાજપના સંગઠન મહામંત્રી સુનીલ બંસલે ગોરખપુર ક્ષેત્રમાં ગઈકાલ બેઠક યોજીને આ અભિયાનની સફળતાની ભૂમિકા રચી છે. ગોરખપુરની પેટા ચુંટણીની હારના બાદ સંગઠન અને સરકારની નજર અહી પર ટકી છે. ભાજપ ધારાસભ્યને પોત-પોતાના ક્ષેત્રના ૧૦૦-૧૦૦ મુખ્ય લોકોની યાદી બનાવાનું કહ્યુ છે. આ યોજના છે કે અભિયનને કારણે રાત્રી પ્રવાસેમાં આ મુખ્ય લોકો સરકારના મત્રિઓ અને સાંસદો દ્વારા મહત્વ આપવામાં આવે. તેમાં કેટલાક લોકોને સંગઠન અને સરકાર નજીકના ભવિષ્યમાં સમાયોજિત પણ કરી શકે છે. લોકસભા ચુંટણીના હિસાબથી ભાજપ બધાને જોડવાનું અભિયાન ચલાવી રહી છે. ૧૪ એપ્રિલથી ભાજપ સમાજિક સમરસતા અભિયાન ચલાવશે.

## ત્રીજા મોરચાનું નેતૃત્વ માટે મમતા, શરદ પવાર, કે ચંદ્રશેખર રાવના મોખરે

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૪ એનસીપી પ્રમુખ શરદ પવારની વાત કરીએ તો ભાજપ વિરૂદ્ધના વિપક્ષી જોડાણનું નેતૃત્વ કરવાની મંશા ધરાવતા નેતાઓમાં તેમનો પણ સમાવેશ થાય છે. પરંતુ તેમની વિશ્વનીયતાને લઈને સવાલ ઉભા થઈ શકે. રાજનીતિમાં તેમને ચતુર અને માત્ર પોતાનું હિત જોનારા નેતા તરીકે ગણવામાં આવે છે. આ ઉપરાંત તેમની ૭૮ વર્ષની ઉંમર પણ તેમની વિરૂદ્ધનું ફેકટર છે. બિનભાજપી મોરચાનું નેતૃત્વ કરવામાં સક્ષમ વ્યક્તિ તરીકે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીનું નામ સૌથી આગળ છે. આ ઉપરાંત તેમની ઉંમર પણ ૪૮ વર્ષ છે. તેમની યુવા નેતા તરીકેની છાપ કારગર સાબિત થઈ શકે. પરંતુ વિપક્ષી પાર્ટીઓમાં ઘણા પીઢ નેતાઓ છે કે જે રાહુલની આગેવાનીમાં કામ કરવા માટે કદાચ તૈયાર થાય નહીં. મમતા બેનર્જી પોતાને વિપક્ષી જોડાણના ચહેરા તરીકે સ્થાપિત કરવા માટે મથામણ કરી રહ્યા છે. દિલ્હીમાં તેમના સહયોગી કેજરીવાલ પણ તેમના પ્રત્યે પૂર્ણ સમર્થન જતાવે છે. પરંતુ અગ્નિકન્યાની છબી માત્ર પશ્ચિમ બંગાળ સુધી જ સમેટાયેલી છે. તેલંગાણાના મુખ્યપ્રધાન કે.ચંદ્રશેખર રાવે ત્રીજો મોરચો ઉભો કરવાની કવાયત તો આદરી. પરંતુ બિનભાજપી મોરચાનું નેતૃત્વ કેસીઆરને મળે તેવી સંભાવના ઘણી ઓછી વર્તાઈ રહી છે. તેમનું રાજકીય સામ્રાજ્ય માત્ર તેલંગાણા સુધી સિમિત છે. આ ઉપરાંત તેલંગાણાને બાદ કરતા હિન્દી બેલ્ટ અને દક્ષિણના રાજ્યોમાં તેમનો કોઈ પ્રભાવ નથી. તેવામાં તેમના નામ સામે પણ સવાલો ઉઠી શકે છે.

## ૧૩ વર્ષની બાળકીને ૪૨ વર્ષના પુરૂષ પત્ની બનાવીને રાખી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૪ પશ્ચિમ દિલ્હીના રણહૌલા જીલ્લાની પોલીસ દ્વારા ૧૩ વર્ષીય બાળકીને બચાવી લેવામાં આવી છે. જે ૪૨ વર્ષના પુરૂષની પત્ની તરીકે તેની સાથે રહેતી હતી. આરોપીએ બિહારના દરભંગામાં બાળકી જોડે લગ્ન કર્યા હતા. અને ત્યારબાદ તે બાળકી સાથે દિલ્હીમાં સ્થાઈ થયો હતો. વ્યવસાયથી રિક્ષાચાલક આરોપીના અગાઉ બે લગ્ન થઈ ચૂક્યા છે. ડીએસપી એમ.એન. તિવારી એ કહ્યું કે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપી વિરૂદ્ધ પોક્સો અને બાળ વિવાહ અધિનિયમ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. અને બાળકીને સારવાર માટે એક એનજીઓમાં મોકલ વામાં આવી છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર બાળકીના પિતાની મૃત્યુ થઈ ગઈ છે. અને તેની માતાની માનસિક રીતે બીમાર છે. પતિની મૃત્યુ બાદ બીમાર માતા અને બાળકીને ઘરમાંથી કાઢી દીધા હતા. તેથી માતા પાસે બાળકીના લાલન-પોષણ માટે કોઈ રસ્તો ન હતો. માતા-બાળકી બિહારના દરભંગામાં રહેતા હતા. તે દરમિયાન જ આરોપી લગ્નનો પ્રસ્તાવ લઈને બાળકીની માતા પાસે આવ્યો હતો. આરોપીની પ્રથમ પત્નીનું મોત થયું હતું તો બીજી પત્ની તેને છોડીને ચાલી ગઈ હતી. માતા પોતાની બાળકીના લગ્ન અધેડ પુરૂષ સાથે કરાવવા માટે બિલ્કુલ તૈયાર ન હતી. પરંતુ પડોસિયોએ માતાને વિશ્વાસ અપાવ્યો કે આરોપી દિલ્હીમાં ખૂબ સારા પૈસા કમાય છે અને તે બાળકીને ચોક્કસ ખુશ રાખશે. ત્યારબાદ ૧૩ વર્ષની બાળકીના લગ્ન ૪૨ વર્ષીય આરોપી સાથે લગ્ન થયા અને બાળકીને આરોપી સાથે દિલ્હી મોકલવામાં આવી હતી. પૂછતાછ દરમિયાન બાળકીએ જણાવ્યું કે આરોપી સાથે તેના લગ્ન ગયા વર્ષે ૨૭ ફેબ્રુઆરીના રોજ થયા હતા. અને આરોપી તેની સાથે પત્ની જેવા સંબંધ રાખતો હતો. પડોસિયોથી હકીકત છુપાવવા માટે તે બાળકીને પોતાની સંબંધી બતાવતો હતો. બાદમાં તેણે પશ્ચિમ દિલ્હીના હરિનગરમાં પોતાના અન્ય સંબંધીઓ સાથે રહેવાનું શરૂ કર્યું હતું. ઉપરાંત પોલીસની એક ટીમને દરભંગા મોકલવામાં આવશે તેથી આ મામલે વધુ તપાસ કરી શકાય.

## બળાત્કારની ઘટનામાં રાજનીતિ ન થવી જોઈએ : સ્મૃતિ ઈરાની

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૪ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ સમગ્ર દેશમાં રોષની લાગણી ફેલાવનાર ઉન્નાવ અને કઠુઆની રેપની ઘટનાઓ અંગે પોતાની પ્રથમ પ્રતિક્રિયામાં અનુરોધ કર્યો હતો કે આ ઘટનાઓ અંગે રાજનીતિ કરીને પીડિતાને શરમની સ્થિતિમાં ન મૂકવામાં આવે. તેમણે કહ્યુ હતુ કે આવી ઘટનાઓ અંગે રાજનીતિ ન કરવી જોઈએ. કાયદો અને વ્યવસ્થા રાજ્ય સરકારને આધીન છે અને આ અંગે કાર્યવાહી થઈ રહી છે. સ્મૃતિ ઈરાનીએ કહ્યું હતું કે આ મામલે તપાસ એજન્સીને નિષ્પક્ષ તપાસ કરવાનો મોકો આપવો જોઈએ. સત્ય ટૂંક સમયમાં સૌની સામે આવી જશે. જ્યારે અન્ય મહિલા કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધીએ પણ પોતાની પ્રતિક્રિયામાં બાળકી પરના બળાત્કાર કરનારા દોષિતોને મોતની સજા મળે એ રીતે કાયદામાં સંશોધન કરવાની આવશ્યકતા હોવાનું કહ્યું હતું.અમેઠીની મુલાકાતે પહોંચેલા સ્મૃતિ ઈરાનીએ ઉન્નાવની તથા કઠુઆમાં ૮ વર્ષીય બાળકીના રેપની ઘટનામાં ચોતરફ થઈ રહેલા વિરોધના મામલે કહ્યું હતું કે આવી ઘટનામાં રાજનીતિ ન થવી જોઈએ. તેમણે કહ્યું હતું, 'એક મહિલા તરીકે મારી વિનંતી છે કે રાજનીતિ કરીને રેપપીડિતાને શરમની સ્થિતિમાં ન મૂકવામાં આવે.' ઉન્નાવમાં બળાત્કાર કેસમાં ભાજપના નેતા કુલદીપ સેંગર પર આરોપ છે જ્યારે કાશ્મીરમાં ૮ વર્ષની બાળકી પર બળાત્કાર અને હત્યાની ઘટના બની હતી. અગાઉ આ અંગે કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધીએ પણ વીડિયો મેસેજમાં કહ્યુ હતું, 'હું ખૂબ જ વ્યથિત છું.' તેમણે જણાવ્યું હતું કે બાળકો પર રેપ કરનારા લોકોને મૃત્યુદંડ આપી શકાય એવા કાયદા માટે તેઓ કાયદામાં સંશોધન કરાય એવા પ્રયાસો કરશે.

## કેમિકલ હથિયારના બહાને દુનિયા પર ધોંસ જમાવવા અમેરિકાએ સીરિયા પર હુમલો કર્યો

(જી.એન.એસ)વૉશિંગ્ટન,તા.૧૪ સીરિયા પર એર સ્ટ્રાઈક કરી અમેરિકા ફરી એકવાર દુનિયાને પોતાની દાદાગીરી બતાવી છે. સમગ્ર દુનિયા પર ધોંસ જમાવવા માટે અમેરિકાએ દ્વની પરવાનગી વગર આ ઘટનાને અંજામ આપ્યો છે. સીરિયા પર કેમિલ હુમલાના જવાબમાં અમેરિકાની આ કાર્યવાહીમાં ફ્રાંસ અને બ્રિટન પણ સાથ આપી રહ્યું છે. બીજી તરફ ઈરાને સીરિયા પર કરવામાં આવેલા આ હુમલાને વખોડી કાઢતા આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘ કર્યુ હોવાનો અમેરિકા આરોપ લગાવ્યો છે. અમેરિકાની એર સ્ટ્રાઈક પર પ્રતિક્રિયા આપતા રશિયાએ અમેરિકા, ફ્રાંસ અને બ્રિટનને પરિણામ ભોગવવા ચેતવણી આપી છે. સાથે જ સીરિયામાં કેમિકલ હુમલાના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. અમેરિકાના સમર્થનમાં ફ્રાંસે સીરિયા પર કરવામાં આવેલી કાર્યવાહીને યોગ્ય ઠેરાવી છે. ફ્રાંસના મંત્રી જીન યવેસ લી ડ્રિયને સૈન્ય કાર્યવાહીને સમર્થન જાહેર કરતા કહ્યુ કે સીરિયાને કેમિકલ હથિયારના ઉપયોગ કરતા અટકાવવા માટે રાજકીય પ્રયત્નો પર રસિયા વાંરવાર અડચણો ઉભી કરી રહ્યું હતું, જેના કારણે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની મંજૂરી વગર સૈન્ય કાર્યવાહીને અંજામ આપી દીધો. જીન યવેસ લી ડ્રિયને પોતાના નિવેદનમાં આગળ કહ્યું, 'સીરિયા વર્ષ ૨૦૧૩માં રેઝોલ્યુશન ૨૧૧૮ અંતર્ગત પોતાના કેમિકલ હથિયારોને નષ્ટ કરવા માટે સહમત થયું હતું, પરંતુ તે પોતાનું વચન પાળવામાં નિષ્ફળ રહ્યું જે સંયુક્ત રાષ્ટ્રના નિયમનોનું ઉલ્લંઘન છે. ફ્રાંસનું કહેવું છે કે પોતાની જવાબદારીનું આહ્વાન કરતા સીરિયાની સામે કાર્યવાહીમાં ખભ્ભાથી ખભ્ભો મેળવીને ઉભું છે. સીરિયાને લઈને ફ્રાંસનું આટલું કડક વલણ કેમિકલ હથિયારોના ઉપયોગ બાદ સામે આવ્યું છે. અમેરિકાની સાથે ફ્રાંસ અને બ્રિટને સીરિયાના હોમ્સના પશ્ચિમ સ્થિત કેમિકલ ભંડાર, કમાન્ડ પોસ્ટ અને દમિશ્ક સ્થિત વૈજ્ઞાનિક સંશોધન કેન્દ્ર પર હુમલો કર્યો. અમેરિકાએ સીરિયા પર હુમલો કરવા માટે મ્-૧ બોમ્બર્સ, ટોર્નાડો જેટ અને જહાજનો ઉપયોગ કર્યો.

## આંબેડકરના કારણે ગરીબ માનો દીકરો વડાપ્રધાન બન્યો : મોદી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી/રાયપુર,તા.૧૪ નરેન્દ્ર મોદીએ શનિવારે છત્તીસગઢના બીજાપુરમાં કેન્દ્રની મહત્વાકાંક્ષી 'આયુષ્માન ભારત' યોજના હેઠળ પહેલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. મોદીએ બંધારણના નિર્માતા બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને જન્મજયંતી પર યાદ કર્યા. મોદીએ કહ્યું, "આજે બબાસાહેબના કારણે એક ગરીબ માનો દીકરો વડાપ્રધાન બની શક્યો. મારા જેવા લાખો-કરોડો લોકોની આકાંક્ષાઓ, અપેક્ષાઓને જગાડવામાં બાબાસાહેબનું બહુ મોટું યોગદાન છે." મોદીએ કહ્યું કે આ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ગરીબોના ફેમિલિ ડોક્ટર તરીકે કામ કરશે. આયુષ્માન ભારતની વિચારધારા ફક્ત સેવા સુધી સીમિત નથી, પરંતુ જન ભાગીદારીનું આહ્વાન છે. ઉલ્લેખનીય છે કે આ નાણાકીય વર્ષમાં ૧૮,૮૪૦ હેલ્થ સબ સેન્ટરને વેલનેસ સેન્ટરમાં બદલવામાં આવશે. આ માટે કેન્દ્ર સરકાર અલગથી ૧૨૦૦ કરોડ રૂપિયાના બજેટની જોગવાઈ કરી છે. મોદીના કહેવા પ્રમાણે, "જ્યારે અમે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની વાત કરીએ છીએ તો અમારો પ્રયત્ન ફક્ત બીમારીનો ઈલાજ કરવાનો નથી, પરંતુ અમારો પ્રયત્ન બીમારીને રોકવાનો પણ છે." "દેશમાં ડાયાબીટિસ, હૃદયરોદગ, શ્વસનની બીમારીઓ, કેન્સર વગેરેને કારણે ૬૦% મૃત્યુ થાય છે. આ બીમારીઓની સમયસર જાણ થઈ જાય તો તેને વધવામાંથી રોકી શકાય. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પર તમામ તપાસ મફતમાં કરવાનો પ્રયાસ કરવામાં આવશે. યોગ્ય સમયે થતી તપાસ ફાયદાકારક હોય છે. માની લો કે ૩૫ વર્ષનો કોઈ યુવાન તપાસ કરાવે અને બ્લડપ્રેશરની સમસ્યાની જાણ થાય તો ભવિષ્યમાં થનારી ગંભીર બીમારીઓથી તે બચી શકે છે." દેશભરમાં દલિતો પર થઈ રહેલા અત્યાચાર અને એસસી-એસટી કાયદાને લઈને કોંગ્રેસ સહિત વિરોધ પક્ષો તરફથી ટીકાઓનો સામનો કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૭મી જયંતી પર વિરોધીઓને સણસણતો જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, અતિ પછાત સમાજમાંથી આવનારો તમારો સાથી, જો આજે વડાપ્રધાન છે, તો તે બાબા સાહેબની જ દેન છે. પીએમ મોદીએ એક કાર્યક્રમમાં જનસભાને સંબોધિત કરતા કહ્યું હતું કે, ૧૪ એપ્રિલનો દિવસ દેશના સવા સો કરોડ લોકો માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. આજે ભારત રત્ન બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ છે. આજના દિવસે તમારી વચ્ચે આવીને આશિર્વાદ મેળવવાનો અવસર મળ્યો તે સૌભાગ્યની વાત છે. છત્તિસગઢના બીજાપુરમાં એક રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટીકાકારોને જવાબ આપતા અને પાછલી સરકારો પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે, સ્વતંત્રતા બાદ આટલા વર્ષોમાં પણ આ જીલ્લા પછાત તેમાં તમારી કોઈ જ ભુલ નથી. બાબા સાહેબના બંધારણે એટલી બધી તકો આપી છે, આગળ વધવા પ્રેરિત કર્યા, પરંતુ તેમ છતાંયે બીજાપુર જેવા જેલ્લા, વિકાસની દોડમાં પાછળ કેમ છે? વડાપ્રધાને કહ્યું હતું કે, બાબા સાહેબ ઉચ્ચ શિક્ષિત હતાં. જો તે ઈચ્છત તો દુનિયાના કોઈ સમૃદ્ધ દેશમાં જઈને ખુબ જ સારી જીંદગી વિતાવી શક્યા હોત પરંતુ તેમણે એમ ના કર્યું. વિદેશમાં અભ્યાસ કરીને પર ફર્યા અને પોતાનું જીવન પછાત, વંચિત, દલિતો અને આદિવાસીઓ માટે સમર્પિત કરી દીધું. વિકાસની દોડમાં જે લોકો પાછળ રહી ગયાં તેમનામાં અધિકારની આકાંક્ષા જાગી, ચેનતા જાગી જે બાબા સાહેબ આંબેડકરની જ દેન છે. વડાપ્રધાન મોદીએ વધુમાં ઉમેર્યુ હતું કે, એક ગરીબ માતાનો પુત્ર, અતિ પછાત સમાજમાંથી આવનાર તમારો સાથીદાર દેશનો વડાપ્રધાન છે તે બધી જ બાબા સાહેબની જ દેન છે. વડાપ્રધાને ગ્રામ સ્વરાજ અભિયાનની પણ શરુઆત કરી.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

**સાબરકાંઠા જીલ્લો**

બ્યુરોચીફ : મો. શફી મનસુરી
(મો.૯૯૯૮૧૫૨૬૪૩-૮૧૪૦૧૨૬૭૮૬)
૪૧/જી, ઝેડ ક્રોન કોમપ્લેક્ષ, બેંક ઓફ બરોડા, ઝહીરાબાદ ગ્રામ પંચાયતની બાજુમાં, પાનપુર પાટીયા, હિમતનગર-(સા.કા.) ગુજરાત

# આઈઆઈટી-મુંબઈની મદદથી ગુજરાતભરમાં જીટીયુના ૨૫ નોડલ સેન્ટરોની સ્થાપના









અમદાવાદ: ગુજરાત ટેકનોલોજીક લ યુનિવર્સિટી (જીટીયુ) સંલગ્ન કૉલેજોના એન્જીનિયરીંગ અને બાયોટેકનોલોજીના વિદ્યાર્થીઓ હવે વર્ચ્યુઅલ લેબના માધ્યમથી પ્રેકટીકલ કરી શકશે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલોજી (આઈઆઈટી) મુંબઈની મદદથી ગુજરાતભરમાં જીટીયુના ૨૫ નોડલ સેન્ટરોની સ્થાપના કરવામાં આવી છે. આવા એક સેન્ટરનું ઉદઘાટન જીટીયુના ગાંધીનગર કેમ્પસમાં કરવામાં આવ્યું તે પ્રસંગે ૩૦૦ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ લેબ વિશે તાલીમ પણ આપવામાં આવી હતી. જીટીયુના સૌપ્રથમ વર્ચ્યુઅલ લેબ નોડલ સેન્ટરનું ઉદઘાટન ગુજરાત સરકારના ટેકનિકલ શિક્ષણ નિયામક શ્રી કે.કે. નિરાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ નોડલ સેન્ટરોના માધ્યમથી વર્ચ્યુઅલ લેબની જે સેવા ઉપલબ્ધ બનશે તેનો સહુથી વધારે ફાયદો ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોની કૉલેજોના વિદ્યાર્થીઓને થશે. તેઓ શહેરી વિસ્તારોની કૉલેજોની જેમ જ અત્યાધુનિક ઉપકરણો અને આઈઆઈટી સહિતની રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓએ વિકસાવેલા મંચની મદદથી પ્રેકટીકલ જ્ઞાન પ્રાપ્ત કરી શકશે. રાજ્ય સરકાર તમામ કૉલેજોમાં મૂળભુત સુવિધાઓ હોય એવો આગ્રહ રાખે છે, પણ તમામ કૉલેજો અત્યાધુનિક ઉપકરણોથી સુસજ્જ હોય એવી વ્યવસ્થા કરવા ઈચ્છતી હતી, તે હવે આ વર્ચ્યુઅલ લેબથી શક્ય બનશે. તેમાં અમને બજેટ કે ભૌગોલિક સમસ્યાઓ અડચણરૂપ નહિ બને. ટેકનોલોજીના ક્ષેત્રમાં હરણફાળનો આ યોગ્ય ઉપયોગ છે અને વિશ્વની ઝડપથી બદલાતી જતી ટેકનોલોજી સાથે કદમ મિલાવવા આ સમયસરનું પગલું છે. આનાથી વિદ્યાર્થીઓ ઈનોવેશન અને રિસર્ચ કરવા પ્રેરાશે. વળી આવી લેબથી વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ તેમજ પ્રેકટીકલ કૌશલ્યો પૂરા પાડવાના ઉદ્દેશો પણ સાકાર થશે. જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો.(ડૉ) નવીન શેઠે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને સંબોધતા કહ્યું હતું કે કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયે નેશનલ મિશન ઓન એજ્યુકેશન થ્રુ આઈસીટીના ભાગરૂપે જીટીયુને અન્ય યુનિવર્સિટીઓની સરખામણીએ સૌથી વધારે નોડલ સેન્ટરોની ફાળવણી કરી છે. આઈઆઈટી મુંબઈના વેબ આધારિત પ્લેટફૉર્મ (vlabs.iitb.ac.in)ની મદદથી આ વર્ચ્યુઅલ લેબની સુવિધા ઉપલબ્ધ થશે. જીટીયુ પહેલા પ્રાધ્યાપકોને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ આપશે અને પછી તાલીમ પામેલા પ્રાધ્યાપકો તેમના નોડલ સેન્ટર આસપાસની કૉલેજોના વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ લેબમાં પ્રયોગો કરતા શિખવશે. આ વ્યવસ્થાનો લાભ ફિઝીકલ સાયન્સ, બાયોમેડિકલ એન્ડ બાયોટેકનોલોજી, ઈલેક્ટ્રીકલ, કેમિકલ, મિકેનીકલ, સિવીલ એન્જી. તેમજ કેમિકલ સાયન્સ અને કૉમ્પ્યુટર સાયન્સના વિદ્યાર્થીઓને મળશે. આવા દરેક સેન્ટરે વર્ષના ઓછામાં ઓછા આઠ હજાર પ્રયોગો કરવા પડશે. સૌપ્રથમ આઠ હજાર પ્રયોગો પૂરા કરનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય સેન્ટરોને અનુક્રમે રૂ. ૧૫ હજાર, ૧૦ હજાર અને પાંચ હજારના ઈનામો આપવામાં આવશે. આઈઆઈટી મુંબઈના વર્ચ્યુઅલ લેબ વિભાગના પ્રોજેક્ટ મેનેજર શ્રી પુષ્પેન્દ્ર મિશ્રાએ આ કન્સેપ્ટની પૂર્વભૂમિકા સમજાવી હતી અને ઉમેર્યું હતું કે ઈન્ટરનેટની મદદથી દૂરની લેબોરેટરીમાં પ્રયોગો કરી શકાય એવી આ વ્યવસ્થા છે. પ્રથમ તબક્કામાં વર્ષ ૨૦૧૫થી પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ યોજના શરૂ કરવામાં આવી હતી અને અત્યારે દેશભરમાં આવી ૧૧૪ લેબમાં નવ વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ ૧૨૦૦થી વધુ પ્રયોગો સફળતાપૂર્વક કરી ચૂક્યા છે. બીજા તબક્કામાં તેને લગતી તાલીમ દિલ્હી, મુંબઈ, ઔરંગાબાદ અને વડોદરામાં અગાઉ અપાઈ ચૂકી છે. હાલમાં ૧૨ વર્ચ્યુઅલ લેબ કાર્યરત છે અને નવી ૧૬૦ લેબ બનાવવાની દરખાસ્તો અમને મળી છે. નાસકોમ અને કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયે આ પ્રોજેક્ટની પ્રશંસા કરી છે. હવે ત્રીજા તબક્કામાં વર્ષ ૨૦૧૮થી આવી અનેક વર્ચ્યુઅલ લેબના પ્રાદેશિક નોડલ સેન્ટરો ખોલવામાં આવી રહ્યા છે. ટૂંકસમયમાં તેને લગતા બુટકેમ્પ પણ યોજવામાં આવશે. યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં વર્ચ્યુઅલ લેબનો સમાવેશ કરાશે. આ યોજનામાં વધુને વધુ પોલિટેકનિક કૉલેજોને પણ આવરી લેવાનો અમારો પ્રયાસ રહેશે. વર્ચ્યુઅલ લેબ ત્રણ પ્રકારની રહેશે, જેમાં (૧) મોડેલિંગ એન્ડ સિમ્યુલેશન લેબ્સ (ઈન્ટરએક્ટીવ એનિમેશન આધારિત શિક્ષણ), (૨) મેઝરમેન્ટ આધારિત લેબ્સ (પ્રયોગોના ડેટા આધારિત શિક્ષણ) અને (૩) રિમોટ ટ્રીગર્ડ લેબ્સ (દૂર રહેલા ઉપકરણોનું ઈન્ટરનેટથી શિક્ષણ)નો સમાવેશ થાય છે. જીટીયુના ઈન્ચાર્જ રજીસ્ટ્રાર પ્રો.(ડૉ) એસ.ડી. પંચાલે એવી માહિતી આપી હતી કે વર્ચ્યુઅલ લેબના નોડલ સેન્ટરો માટે જીટીયુએ ૨૫ કૉલેજોને એવી રીતે પસંદ કરી છે કે જેથી તેની આસપાસના વિસ્તારોની કૉલેજોના વિદ્યાર્થીઓને પણ તેનો લાભ મળી શકે. આ ૨૫ કૉલેજોમાં એલ.ડી. એન્જીનિયરીંગ કૉલેજ, સાલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલોજી એન્ડ એન્જીનિયરીંગ રિસર્ચ, સિલ્વર ઓક કૉલેજ ઑફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી તેમજ વિવિધ સરકારી ઈજનેરી કૉલેજો અને પોલિટેકનિક કૉલેજોનો સમાવેશ થાય છે. આ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓને યુઝર આઈડી અને પાસવર્ડ આપવામાં આવશે. જેનાથી તેઓ ઘરેથી પણ પ્રેકટીકલ કરી શકશે. દેશભરમાં આવા ૪૭૪ નોડલ સેન્ટરો સ્થાપવામાં આવ્યા, તેમાં જીટીયુને ૨૫ સેન્ટરો ફાળવવામાં આવ્યા છે. સામાન્ય લેબોરેટરીઓમાં પ્રયોગો કરવામાં વિદ્યાર્થીઓએ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે, જેમ કે લેબની સાધનસામગ્રી ૨૪ કલાક ખુલ્લી હોતી નથી, અત્યાધુનિક ઉપકરણો ખરીદવા જંગી ખર્ચ કરવો પડે છે, ઘણા પ્રયોગો જોખમી પણ હોય છે. બીજી બાજુ વર્ચ્યુઅલ લેબમાં આવા જોખમો દૂર થશે એટલું જ નહિ વિદ્યાર્થી ગમે ત્યારે ગમે ત્યાંથી પ્રયોગો કરી શકશે. જીટીયુ નોડલ સેન્ટરોના કો-ઓર્ડિનેટર પ્રો. વિરલ બોરીસાગરે જણાવ્યું હતું કે વર્ચ્યુઅલ લેબ વડે અમે પ્રાધ્યાપકોને નવા પ્રયોગોનું ડિઝાઈનિંગ કરવાની તક આપીશું. નવા પ્રયોગોને આઈઆઈટી-મુંબઈના નિષ્ણાતોની મંજૂરી મળે તો તેને વર્ચ્યુઅલ લેબના મંચ પર અપલોડ કરવામાં આવશે અને દેશભરના વિદ્યાર્થીઓને તેનો લાભ મળશે.

# સામાજીક સમરસતા દિનથી ગ્રામ સ્વરાજ અભિયાનનો શરૂઆત કરાવતા મંત્રી શ્રી પરબતભાઈ પટેલ









માહિતી બ્યુરો, ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૭ જન્મ જયંતિના ઉપલક્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગ્રામ સ્વરાસ્વરાજ અભિયાન અંતર્ગત અનેક વિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ડૉ.આંબેડકર જન્મ જયંતિની ઉજવણી સાથે સામાજીક સમરસતા દિનનો પ્રારંભ કરાયો હતો. જિલ્લા પ્રભારી તથા પાણી પુરવઠા અને સિંચાઈ મંત્રી શ્રી પરબતભાઈ પટેલે સીવીલ સર્કલ ખાતે ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાજંલિ અપર્ણ કરી ઉપસ્થિત સભાને સંબોધતા જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા ભારત રત્નનું બિરૂદ આપી તથા મધ્યપ્રદેશમાં ડૉ. આંબેડકર રાષ્ટ્રીય સ્મારક ઉભુ કરીને સાચી શ્રધ્ધાજંલિ આપી છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, ડૉ. આંબેડકર માત્ર દલિત,પીડીત કે શોષિત વર્ગના જ નેતા ન હતા પરંતુ તે એક બંધારણના ઘડવૈયા અને દેશને દિશા આપવાનું કામ કર્યુ છે. વધુમાં મંત્રી શ્રીએ ઉમેર્યુ હતું કે, ડૉ. આંબેડકરના માનવ એકાત્મકવાદ અને સામાજીક સમરસતાના વિચારને મૂર્તિમંત કરવાનું કામ રાજય સરકાર કરી રહી છે. ગ્રામિણ વિસ્તારમાં વસતા ગરીબ પરીવારોને ઘરનું ઘર આપવાનું તથા ઉજજવલા યોજના થકી ગેસ કનેક્શન તેમજ જન ધન યોજનાથી આરોગ્યનું જતન કરવાનું કામ કર્યુ છે. આ પ્રસંગે સાસંદ શ્રી દિપસિંહ રાઠોડે ડૉ. આંબેડકરની વિચારધારાને આધારે રાજય સરકારે છેવાડાના વંચિતોને લાભ આપવાનું લોકપયોગી કાર્ય હાથ ધર્યુ હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમમાં હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા તથા સામાજીક અગ્રણી શ્રી ભગવાનદાસ પરમારે પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યુ હતું. સામાજીક સમરસતા દિનની ઉજવણીથી પ્રારંભ થયેલા ગ્રામ સ્વરાજ અભિયાની સાથે જિલ્લામાં થનાર ઉજવણીની રૂપરેખા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી ડામોરે આપી હતી. કાર્યક્રમમાં કલેકટર શ્રી પ્રવિણા ડી.કે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્તુતિ ચરન, નગરપાલિકા પ્રમુખ શ્રી નીલનબેન પટેલ, અગ્રણી શ્રી અનિરુધ્ધ સોરઠીયા, નરેશ પરમાર સહિત દલિત આગેવાનો અને અન્ય મહાનુભવો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગર ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતિ નિમિત્તે ગ્રામ સ્વરાજ કાર્યક્રમ યોજાયો

માહિતી બ્યુરો, સુરેન્દ્રીનગરઃ- સામાજિક ન્યાવયના પ્રણેતા અને મહામાનવ ર્ડા.બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરની ૧૨૭ મી જન્મજ જયંતી અવસરે મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે સુરેન્દ્રવનગરના આંબેડકર ચોક ખાતે પૂ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંરજલિ અર્પી વંદન કર્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ડો.બાબા સાહેબ આંબેડકરે બંધારણ ઘડતી વખતે નાના માણસોની વિશેષ ચિંતા કરી નિયમો અને કાયદાઓ ઘડયા હતા, વધુમાં તેમણે જણાવ્યુંર હતું કે, ડો. બાબા સાહેબ આંબેડકરે સવાસો કરોડ દેશવાસીઓના નેતા છે અને તેમણે સમાજને શિક્ષિત બની સંગઠીત બની વિકાસનો જે કોલ આપ્યોહ છે. તેને નેક બની એક બની સૌનો વિકાસ કરીએ એ જ બાબા સાહેબને સાચી શ્રધ્ધાંજલી છે. નાના માણસોને રક્ષણ અને શિક્ષણ આપવા ઉપરાંત શિષ્યાવૃત્તિ આવાસ, પીવાના પાણી જેવા જનહિતને સ્પ ર્શતા દરેક મુદ્દાઓનો બંધારણમાં સમાવેશ કરી સાચી લોકશાહીના દર્શન કરાવ્યાપ હતા, જેના મીઠા ફળો આજે આપણે ચાખી રહયા હોવાનું જણાવ્યું હતું. ર્ડા. બાબા આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે સુરેન્દ્રાનગર આંબેડકર ચોક ખાતે સામાજિક ન્યાય દિવસની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ અવસરે ર્ડા. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાને મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે ફુલહાર કરી અને આંબેડકર ચોકથી રંભાબેન ટાઉન હોલ સુધી આ રેલીમાં લોકસભાના સાંસદશ્રી દેવજીભાઈ ફતેપરા, ધારાસભ્યભશ્રી ધનજીભાઈ પટેલ, પૂર્વધારાસભ્યે સર્વશ્રી શ્રીમતી વર્ષાબેન દોશી, મનુભાઈ મકવાણા, અગ્રણી સર્વશ્રી દિલીપભાઈ પટેલ, જગદીશ ભાઈ મકવાણા, અનુરૂધ્ધફ સિંહ પઢીયાર, ચંદ્રશેખર દવે, વનરાજભાઈ પરમાર સહીત મોટી સંખ્યારમાં નગરજનો જોડાયા હતા. રંભાબેન ટાઉન હોલ ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મઈ જયંતિ નિમિત્તે યોજાયેલ ગ્રામસ્વ રાજ કાર્યક્રમમાં ઉપસ્થિાત લોકોને મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશમાં એક પરંપરાગત દિવાળી ઉજવાય છે અને આજે બાબા સાહેબની ૧૨૭મી જન્મઈ જયંતિને બીજી દિવાળી તરીકે દેશ ઉજવી રહયો છે તેમ તેમણે જણાવ્યુંર હતું. વિશ્વની સૌથી મોટી લોકશાહીના આપણે વારસદારો છીએ. આપણે સૌએ શિક્ષિત, સંગઠીત અને સંઘર્ષ કરી પરિવાર સમાજ રાજય અને રાષ્ટ્ર માટે યોગદાન આપવું જોઈએ. ર્ડા.બાબા સાહેબ ભીમરાવ આંબેડકર સામાન્યન ગરીબ ઘરમાં જન્મેટલા અને ઉચ્ચ્જશિક્ષણ મેળવી બંધારણનું ઘડતર કરી દેશની પ્રજાને સમર્પિત કરેલ છે. જેનો લાભ દેશની પ્રજાને થઈ રહયો છે. આ પ્રસંગે લોકસભાના સાંસદશ્રી દેવજીભાઈ ફતેપરા, વઢવાણના ધારાસભ્યણશ્રી ધનજીભાઈ પટેલે ર્ડા.બાબા સાહેબ ભીમરાવ આંબેડકરના જન્મ, જયંતિ અવસરે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સ્વાચગત પ્રવચનશ્રી સુરેન્દ્રસનગર-દુધરેજ નગરપાલિકાના પ્રમુખશ્રી વિપીનભાઈ ટોળીયાએ કર્યું હતું. જયારે આભારવિધિ જિલ્લાઆ વિકાસ અધિકારીશ્રી મનીષકુમાર બંસલે કરી હતી. આ અવસરે ઈન્ચા ર્જ કલેકટરશ્રી ચંન્દ્ર કાંત પંડયા, સર્વશ્રી પૂર્વ ધારાસભ્યીશ્રી વર્ષાબિન દોશી, મનુભાઈ મકવાણા, પ્રાંત અધિકારીશ્રી નરેન્દ્ર સિંહ રાજપુત, જિલ્લા્ મહામંત્રીશ્રી જગદીશભાઈ મકવાણા, અનુરૂધ્ધશસિંહ પઢિયાર, ચંદ્રશેખર દવે, વનરાજભાઈ પરમાર, સુરેન્દ્રજનગર દુધરેજ નગરપાલિકાના ઉપપ્રમુખશ્રી જીજ્ઞાબેન પંડયા સહિત અધિકારી-પદાધિકારીશ્રીઓ મોટી સંખ્યા માં નગરજનો ઉપસ્થિપત રહયા હતા.

# પોલીસ દળોમાં ૩૦ ટકા મહિલા ભરતીની જોગવાઈથી પોતાની મુશ્કેલીઓ લઈને પોલીસ મથકમાં જવાનો વિશ્વાસ મહિલા સમુદાયમાં વધશે : કેન્દ્રીય મંત્રી શ્રીમતી મેનકા ગાંધી

માહિતી બ્યુરો, વડોદરા, ૧૪ એપ્રિલ, ૨૦૧૮(શનિવાર) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી મેનકા સંજય ગાંધીએ, ૧૫મા એફજીઆઈ શ્રેષ્ઠતા પુરસ્કારોનું વિતરણ કરતાં જણાવ્યું હતું કે, મહિલાઓ દેશની કરોડરજ્જુ (બેકબોન) છે અને સમાજના મહિલાઓ પ્રત્યેના અભિગમમાં બદલાવથી જ શ્રેષ્ઠ નારી સશક્તિકરણ શક્ય બનશે. તેમણે જણાવ્યું હતું કે, દેશના પોલીસ દળોમાં ૩૦ ટકા મહિલા અનામતનો અમલ શરૂ કરવામાં આવ્યો છે જેના લીધે પોલીસ મથકોમાં મહિલાઓ વધુ વિશ્વાસ સાથે પોતાની મુશ્કેલીઓ અને ફરિયાદોના નિવારણ માટે જતી થશે. મેનકાજીના અનુરોધથી એફજીઆઈએ કચ્છની કલા સમૃદ્ધ બહેનો અને ઊંટપાલક માલધારીઓનું વિશિષ્ઠ સન્માન કર્યું હતું અને તેમની નારી સમુદાય માટેની સંવેદનશીલતાને આદર આપ્યો હતો. પ્રધાનમંત્રીશ્રીના વિધેયાત્મક અભિગમ અને પીઠબળથી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને સ્વતંત્ર કચેરી અને આગવી ઓળખ મળી છે એવી લાગણી વ્યક્ત કરતાં મેનકાજીએ જણાવ્યું કે, દર એક હજાર પુરુષ બાળ જન્મ સામે સ્ત્રી બાળ જન્મનું પ્રમાણ ભારતમાં ૮૦૦ (ગુજરાતમાં ૭૫૦) જેટલું નીચું ગયું હતું. સ્ત્રી બાળ જન્મને ઉત્તેજન આપવા દેશના ૧૦૦ જેટલા જિલ્લાઓમાં ડીએમને નોડલ અધિકારી બનાવીને વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા, જેના પરિણામે સ્ત્રી બાળ જન્મ વધ્યો છે. ગામમાં છોકરા-છોકરીઓની સંખ્યાના બોર્ડ મૂકવા, બાળ લગ્નો સામે કડકાઈ જેવા પગલાંઓના સારા પરિણામો મળ્યા છે. નિર્ભયા ઘટનામાંથી બોધપાઠ લઈને શરૂ કરવામાં આવેલા સખી સેન્ટર્સ અને ૧૮૧ હેલ્પ લાઈનને કારણે મહિલાઓ નિર્ભયપણે ફરિયાદ કરતી થઈ છે અને પુરૂષોમાં કાયદાનો ભય પેઠો છે. તેમણે મહિલાઓ સંકટ સમયે ત્વરીત મદદ મેળવી શકે તે માટે તમામ મોબાઈલ્સમાં પેનીક બટન મૂકવાના ઉપાયની યુપીમાં ટ્રાયલ્સ ચાલી રહી છે અને તેનો ટૂંક સમયમાં દેશવ્યાપી અમલ થશે એવો સંકેત આપ્યો હતો. ઉદ્યોગોમાં સ્ત્રીઓની જાતિય હેરાનગતિ અટકાવવા કમિટીની રચના, મહિલાઓની ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહિત કરવા વીમેન્સ આંત્રપ્રીન્યોરશીપ કાઉન્સીલની રચના, કારીગર મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વિનામૂલ્યે સરળ માર્કેટીંગ માટે મહિલા ઈ-હાટ, કાર જેવા વાહનોમાંથી સેન્ટ્રલ લોકીંગ સિસ્ટમ કાઢવાની જોગવાઈ , શી બોકસીસની જોગવાઈ જેવા પગલાંઓની જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રીના સ્વચ્છ ભારત અભિયાન હેઠળ લાખો શૌચાલયો બની રહ્યા છે, જેનાથી મહિલા આરોગ્યમાં નોંધપાત્ર સુધારો થશે અને મહિલાઓની ડિગ્નીટી સચવાશે. તેમણે પ્લાસ્ટીક વેસ્ટની જટીલ સમસ્યા નિવારવા આર એન્ડ ડી વધારવા અનુરોધ કર્યો હતો. તળાવનું પાણી શોષી લેતી અને તળાવોને સૂકું મેદાન બનાવતી જલકુંભી વનસ્પતિમાંથી ચટાઈ બનાવવા અને ખાતર બનાવવા જેવા આયામોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કચ્છ જેવા પ્રદેશોના પશુપાલકોને ઊંટ ઉછેર અને પશુપાલન સાથે જોડી રાખવા દુબઈથી આયાત થઈને મોંઘા ભાવે વેચાતા ઊંટના દૂધના વિકલ્પે દેશમાં ઉત્પાદિત ઊંટના દૂધનું માર્કેટીંગ નેટવર્ક ઉભુ કરવાની જરૂર જણાવી હતી. પીપલ્સ ફોર એનીમલ ટ્રસ્ટ સંસ્થાને કોર્પોરેટ એકમો દ્વારા મળેલી રૂા. ૧.૫૦ લાખની સખાવતને આવકારતા તેમણે કહ્યું કે, સંસ્થા ૩૬ પશુ દવાખાના દ્વારા વિનામૂલ્યે પશુ સારવાર કરે છે અને ૩૭મું દવાખાનું શરૂ થઈ રહ્યું છે. તેમણે સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહિત કરતી એવોર્ડ કેટેગરીને વધાવતા, એફજીઆઈના શ્રેષ્ઠતા પુરસ્કાર આયોજનને બિરદાવ્યું હતું. એફજીઆઈ વ્યાપાર, ઉદ્યોગ અને વાણિજયની સેવા અને વિકાસના એકસો વર્ષ પૂરાં કરે છે એનો આનંદ વ્યક્ત કરતાં અધ્યક્ષશ્રી નીતિન માંકડે જણાવ્યું કે, આર્થિક, સામાજિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહિત કરવા એફજીઆઈ આ એવોર્ડ આપે છે. એફજીઆઈના મહા સચિવ નીતેશ પટેલે સહુને આવકાર્યા હતા. આ પ્રસંગે સાંસદ શ્રીમતી રંજનબહેન ભટ્ટ, મેયરશ્રી ભરતભાઈ ડાંગર, ધારાસભ્યશ્રીઓ સર્વશ્રી યોગેશ પટેલ, જીતુભાઈ સુખડિયા, મનીષાબહેન વકીલ, સીમાબહેન મોહિલે, એફજીઆઈ પદાધિકારીઓ, પૂર્વપ્રમુખો, એવોર્ડવિજેતાઓ, વ્યાપાર, ઉદ્યોગ અને વાણિજય જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દલીત, પીડીત શોષીત તથા પછાત જાતિના લોકોને આગળ લાવવાનુ કામ ર્ડા.બાબા સાહેબ આંબેડકરે કર્યુ - ભારત સરકારના આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર

માહિતી બ્યુરો, દાહોદ:- શનિવાર- અનુસૂચિત જાતિ કલ્યાણ અને જિલ્લા સમાજ કલ્યાણ જિલ્લા પંચાયત દ્વારા દાહોદ જિલ્લામાં “ ગ્રામ સ્વરાજ અભિયાન " અંતર્ગત ર્ડા.બાબા સાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મ જયંતિ સામાજીક ન્યાય દિવસ" તરીકે તથા બાબા સાહેબ આંબેડકરના વિચારોને મૂર્તિમંત કરવા અંગેનો કાર્યક્રમ ભારત સરકારના આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષસ્થાને અને જિલ્લા કલેકટરશ્રી શ્રી વિજયકુમાર ખરાડીની ઉપસ્થિતીમાં પ્રસંગ પાર્ટી પ્લોટ (ટોપી હોલ) ખાતે ર્દિપપ્રાગટય કરી કાર્યક્રમ યોજાયો હતો. ભારત સરકારના આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોરે જણાવ્યુ હતુ કે ર્ડા.બાબા સાહેબ આંબેડકરે જયારે ભારતનું બંધારણ બનાવ્યુ ત્યારે દેશમાં વસતા તમામ જાતિના લોકોને પોતાના હકકોને રક્ષણ મળી રહે સમાજમાં દલીત, પીડીત શોષીત તથા પછાત જાતિના લોકોને અન્ય સમાજથી પાછળ રહી ન જાય તે માટે આગળ લાવવાનુ કામ ર્ડા.બાબા સાહેબ આંબેડકરે કર્યુ છે. સમાજના ઉત્થાન માટે અનેકવિધ યોજના બનાવી જેવી કે શિક્ષણ ક્ષેત્રે શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્યને લગતી યોજનાઓ, ઉચ્ચશિક્ષણ મેળવવા માટે શિષ્યવૃત્તિ યોજના તથા આવાસોની યોજનાથી સંવાદિતાનો વ્યાપ વધે અને ગરીબ કુટુંબોને સરકારીની વિવિધ યોજનાઓ ઉજજવલા યોજના, સોભાગ્ય યોજના, પ્રધાનમંત્રી જન ધન યોજના, જીવન જયોત વીમા યોજના જેવી અનેક યોજના અમલમાં છે તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો તથા આ જિલ્લામાં જે વિકાસના કામો કરવામાં કેન્દ્ર સરકારે અને રાજય સરકારનો પુરતો સહયોગ મળવાથી દાહોદ જિલ્લાને સ્માર્ટ સીટી બનાવવા પસંદ કરવામાં આવી છે તેને પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે એમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં જિલ્લા કલેકટરશ્રી વિજય ખરાડીએ ર્ડા.બાબા સાહેબ આંબેડકરે આપેલા સમાનતા, બંધુતા અને સામાજિક સમરસતાના આદર્શ વિચારોને મૂર્તિમંત કરી તેને અનુસરી જીવનમાં આગળ વધવા જણાવ્યું હતુ તથા “ગ્રામ સ્વરાજ અભિયાન" અંતર્ગત તા. ૧૪-૦૪-૨૦૧૮ થી તા ૫-૦૫-૨૦૧૮ સુધી જુદા જુદા વિભાગો દ્રારા જુદા જુદા દિવસોની જિલ્લામાં ઉજવણી કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ આ પ્રસંગે મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે જય હર સિધ્ધી મહિલા મંડળ વણભોરીના પરમાર છાયાબેનને તથા જય માતાજી ઉજીઊઁય છાપરીના ટીનાબેન કમલેશભાઈ મકવણાને મીશન મંગલમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દાહોદ દ્રારા એક એક લાખના કેશ ક્રેડીટ મંજુરી પત્ર આપવામાં આવ્યા હતા, તથા અનુસૂચિત જાતિ કલ્યાણ દ્રારા રૂા. ૫૦૦૦૦ હજારનો એકટ્રોસીટી એકટની સહાયનો ચેક ધાનપુર તાલુકાના ડભવાના શ્રી હરિજન ભારતભાઈ છગનભાઈને આપવામાં આવ્યો હતો. જયારે જિલ્લા સમાજ કલ્યાણ વિભાગ તરફથી આંબેડકર આવાસના ૫ લાભાર્થીઓને રૂા. ૪૨૫૦૦ ના બીજા હપ્તાના મંજૂરી પત્રો આપવામાં આવ્યા હતા. મીશન મંગલમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દાહોદ દ્રારા રીવોલ્વીંગ ફંડ તથા સી.આઈ.એફ ના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ......

# ભાજપ રાજેનું તપેલું ચઢાવી તો દે પણ કોંગ્રેસ (યમ) ઘર ભાળી જાય !

આમ તો ભાજપ મહિલાઓને તેમના અધિકારો અપાવવા માટે હિમાયતી રહ્યો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહસ્લાઓને ૫૦ ટકા અનામત અપાયું છે અને વડાપ્રધાન દેશભરમાં બેટી બચાવોની ઝુંબેશને વેગ આપી રહ્યા છે. પરંતુ મહિલાઓના સંરક્ષક ભાજપ માટે મહિલાઓના નામે જ ઉપાધી ઉભી થાય છે. અગાઉ અટલ બિહારી વાજપાયીના નેતૃત્વમાં કેન્દ્રમાં એનડીએનું શાસન હતું ત્યારે માયા, મમતા ને લલીતા તેમના માટે માથાનો દુઃખાવો બનતા હતા. હાલમાં ભાજપ પૂર્ણ બહુમતીમાં સત્તામાં આવ્યો છે ત્યારે હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પક્ષની જ ત્રણ મહિલાઓ સ્મૃતિ, સુષ્મા અને વસુંધરા રાજેના નામે ઉપાધી ઉભી થઈ છે. લોકસભાની ચૂંટણી ભૂંડા હાલે હારી ગયા પછી કોંગ્રેસ ભુરાંટી થઈ હોય તેમ ભાજપને સાણસામાં લેવાના સતત મોકા શોધી રહી છે. પહેલાં કંઈ ન મળ્યું તો, મોદી સરકારમાં માનવ સંસાધન વિકાસ (શિક્ષણ) મંત્રી બનેલા સ્મૃતિ ઈરાની પર એમ કહીને કાદવ ઉછાળ્યો કે, તેઓ પુરૂં ભણેલા નથી ને તેમને શિક્ષણ ખાતું અપાયું છે ! શું કોંગ્રેસ લશ્કરમાંથી આવેલા જનરલો અને કર્નલોને સંરક્ષણ મંત્રી બનાવતી હતી ? શું ડોકટરોને જ હમેશા આરોગ્ય મંત્રી બનાવતી હતી ? શું વકીલોને જ કાનૂન મંત્રી બનાવતી હતી ? શું વૈજ્ઞાનિકોને જ સાયંસ અને ટકનોલોજી ખાતાના મંત્રી બનાવતી હતી ? જો તેણે પોતે કોઈ શૈક્ષણિક માપદંડોને માન્ય ન  રાખ્યા હોય તો ભાજપ પાસે તે આવી આશા કેવી રીતે રાખી શકે ! પરંતુ સ્મૃતિની શૈક્ષણિક લાયકાતનો પ્રશ્ન ઉઠાવ્યા પછી જાગેલી ચર્ચામાંથી એ વાત બહાર આવી કે માનવ સંસાધન મંત્રીએ જુદી જુદી ચુંટણીઓમાં ઉમેદવારી નોંધાવતી વખતે પોતાની શૈક્ષણિક લાયકાત અલગ અલગ દર્શાવી હતી, તેથી કોંગ્રેસને હોબાળો વધારવાનો એક મોકો મળી ગયો. કોંગ્રેસ પોતાના સમયના અનેકગણા મોટા કૌંભાંડોને ભૂલી જઈ ભાજપ પાછળ પડી છે. ઈરાનીએ અલગ અલગ શૈક્ષણિક લાયકાત શામાટે બતાવી તે આગળ જતાં ખુલ્લું થશે ત્યારે આક્ષેપો સાચા છે કે ખોટા તેની ખબર પડશે. તે પછી વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ પર કોંગ્રેસની નજર ગઈ. સ્વરાજે આઈપીએલના પૂર્વ વડા લલીત મોદીને તેમના બિમાર પત્નીની સારવાર માટે બ્રિટન છોડવા માટે ટ્રાન્ઝીસ્ટ વિઝા મેળવવા બ્રિટીશ સરકારને માનવતાના ધોરણે ભલામણ કરી હતી. આ મુદો કોંગ્રેસે ખુબ ચગાવ્યો હતો. ત્યાં હવે તેના નિશાન પર રાજસ્થાનના મુખ્યમંત્રી વસંધુરા રાજે આવી ગયા છે. રાજેને પણ લલીત મોદી સાથે પારિવારિક જેવા સંબંધો છે. લલીતનું આઈપીએલ કાંડ બહાર આવ્યું તે પહેલાના આ સંબંધો છે. હજુ કાંડ ચર્ચામાં છે. સલીત સામે કોઇ ગુનો સાબિત નથી થયો. અને સાબિત ન થાય ત્યાં સુધી સૌ કોઈએ તેમની સાથેના સંબંધો કાપી નાખવા તે જરૂરી નથી. કાર્યવાહીથી બચવા લીલત મોદી ભારત છોડીને બ્રિટનમાં જઈને ભરાઈ બેઠા છે. આ બધું કોંગ્રેસના સમયમાં થયું હતું. કોંગ્રેસના નેતૃત્વવાળી સરકારે લલીત મોદીનો પાસપોર્ટ રદ્દ કરવા સિવાય કોઈ કાર્યવાહી કરી નહોતી. તેણે બ્રિટન પર દબાણ લાવીને તેમનું પ્રત્યાર્પક કરાવવું જોઈતું હતું તે કરાવ્યું નહોતું. પણ હવે ભાજપ પર લલીત મોદીને છાવરાવાનો આક્ષેપ મૂકે છે. સુષ્મા સ્વરાજ અને સ્મૃતિ ઈરાની સામેના આક્ષેપોનો બચાવ કરવામાં ભાજપને એટલી મુશ્કેલી નથી પડતી પણ રાજેનો બચાવ કરવામાં નાકે દમ આવી જતો જણાય છે. આમ તો રાજે સામેના આક્ષેપો મિલ્કતની માલિકી અંગેના છે અને તેનો ઉકેલ અદાલતમાં જ આવી શકે છે. પરંતુ તેમાં જે આક્ષેપો છે તે સરકારી મિલ્કતો સત્તાનો દુરૂપયોગ કરીને પચાવી પાડવાને લગતા છે એટલે તેની ગંભીરતા ખૂબ જ વધી જાય છે. આ મિલ્કત કરોડોની કિંમતની છે. રાજે સામેના વિરોધનો મસાલો કોંગ્રેસને રાજેના પતિ હિમતસિંહ જ આપતા હોઈ શકે છે. બન્ને પતિ-પત્ની વચ્ચે પુત્ર જન્મ પછીથી અણબનાવ પ્રવર્તે છે. લગ્નના એક વર્ષ પછીથી જ બન્ને પતિ-પત્ની છૂટા પડી ગયા છે. તેમના વચ્ચે મિલ્કત અંગે કેસ કબાલા પણ ચાલે છે. આક્ષેપો સાચા છે કે ખોટા, પણ તે ખૂબ જ ગંભીર છે. તેથી ભાજપ રાજેને હટાવવા તૈયાર પણ થઈ ગયો હોવાના વચ્ચે અહેવાલ હતા. કોંગ્રેસ સ્મૃતિ, સુષ્મા અને રાજેના હટાવવાની માગણી કરે છે તેમાં વધુ પડતું જોર રાજેની બાબતમાં આપે છે. કહે છે કે, ભાજપ એ માટે તૈયાર પણ થઈ જાય તેમ છે પણ તેને ડર હશે કે, જો રાજેને હટાવવામાં આવે તો યમ (કોંગ્રેસ) ઘર ભાળી જશે. રાજેને હટાવવાથી કોંગ્રેસને તેમાં ભાજપની નબળાઈ દેખાશે અને તે સુષ્મા તથા સ્મૃતિને હટાવવાની માગણીને બળવતર બનાવશે. પાછું વધારાના લટકામાં -ઉપરાંતમાં મહારાષ્ટ્રમાં બે પ્રધાનો પણ લાઈનમાં છે. કોંગ્રેસ આમાંથી કોઈ માટે આશ્વાસન આપે તેમ નથી. કોંગ્રેસે તો બે કેન્દ્રીય મંત્રીઓ અને રાજસ્થાનના મુખ્યમંત્રીને હટાવવા સામે ભાજપને આકર્ષક ઓફર પણ કરી છે કે, 'એમને હટાવો અને સંસદમાં જીએસટી બીલ પાસ કરાવી લો.' કોંગ્રેસ પોતે જ તૈયાર કરેલ જીએસટી બીલને ભાજપ શાસનમાં અટકાવી બેઠી છે ! સસદના નીચલા ગૃહમાં છે તેમ ભાજપ પાસે નીચલા ગૃહ રાજસભામાં બહુમતી નથી એટલે તેને લોકભામાં પસાર કરાવ્યા પછી ઠરાવને રાજસભામાં પસાર કરાવવા અન્ય પક્ષોના ટેકાની જરૂર પડે છે. કોંગ્રેસ તેનો ફાયદો ઉઠાવવા માંગે છે

## દેવભૂમિ દ્વારકાના ખંભાળીયા ખાતે ડો.બાબાસાહેબ આંબેડકર જયંતિની ઉજવણી ખંભાળીયા ખાતે યોજાઇ

માહિતી બ્યુરો, દેવભૂમિ દ્વારકા.૧૪ એપ્રિલ, ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જયંતિની ઉજવણી આજે મેધજી પેથરાજ સાર્વજનિક છાત્રાલય ખંભાળીયા ખાતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત પહેલા મહાનુભાવો દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરની ચાર રસ્તાત ખંભાળીયા ખાતે પ્રતિમાને ફુલ અને હાર દ્વારા શ્રધ્ધાંજણી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મેધજીભાઇ કણઝારીયાએ જણાવ્યુંી કે બંધારણ ના ધડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરની આજે ૧૨૭મી જયંતિ છે. ડો.બાબા સાહેબે બંધારણ ધડવામાં અમુલ્યન ફાડો આપ્યોણ હતો. તેમજ તેમણે લોકોને આજના દિવસે  સામાજીક સમરસતાના પ્રયત્નો કરીએ અને ૧ મે થી ૩૦ મે સુધી ગુજરાત સરકાર દ્વારા જળ બચાવો અભિયાન ચલાવવામાં આવશે તેમાં લોકોને જોડાવા અપિલ કરી હતી. તથા તેમણે ડો.બાબા સાહેબ આંબેડકરને શ્રાધ્ધાંજણી આપી હતી. કલેકટરશ્રી જે.આર.ડોડીયાએ ડો.બાબાસાહેબ આંબેડકરના જીવનની સમજુતી આપી હતી. તેમજ આપણા દેશનું લોકશાહી માળખું, મુળભુત અધિકાર મળે તે બધા લોકશાહી નાગરીક તરીકે અધિકાર મેળવીએ છીએ તે બંધારણમાંથી મળે છે. તેમણે વુધામાં જણાવતા કહયું કે આગામી ૧ મે થી દેવભૂમિ દ્વારકા જીલ્લા માં  કાન્હા નું કામ, દુધનું દાન નામે અભિયાન કરવામાં આવશે તેમા લોકોને જોડાવા અપિલ કરી હતી. આ કાર્યક્રમની સાથે સાથે ખંભાળીયા નગરપાલીકા દ્વારા શ્રેષ્ઠા સફાઇ કામગીરી માટે લોકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાય હતા. અને આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જયોતિશભાઇ ચૌધરીએ કર્યું હતુ. આ કાર્યક્રમમાં દેવભૂમિ દ્વારકા જીલ્લાવ ભાજપ પ્રમુખ કાળુભાઇ ચાવડા, ખંભાળીયા નગરપાલીકાનાં પ્રમુખ શૈલેષ કણઝારીયા, જીલ્લાવ વિકાસ અધિકારીશ્રી આર.આર.રાવલ, પોલીસ વડા રોહન આનંદ, નિવાસી અધિક કલેકટરશ્રી વ્યાાસ, ડી.આર.ડી.એના નિયામકશ્રી વી.પી.પટેલ, , નાયબ કલેકટરશ્રી માંડોત, ખંભાળીયા પ્રાંત અધિકારીશ્રી જોશી, સમાજ કલ્યાલણ અધિકારીશ્રી કરમુર, મામલતદારશ્રી ખંભાળીયા તેમજ મોટી સંખ્યા માં નગરજનો ઉપસ્થિમત રહયા હતા.

# ર્ડા.બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતિ પ્રસંગે પાલનપુર મુકામે સામાજિક ન્યાય દિવસની ઉજણી કરાઇ

(માહિતી બ્યુરો,પાલનપુર) સામાજિક સંવાદિતા તથા અંતરીયાળ વિસ્તારના ગરીબ લાભાર્થીઓ સુધી યોજનાઓની માહિતી અને લાભો મળે અને ગ્રામજનોના ફિડબેક મેળવવા તથા નવી યોજનાઓ માટે લાભાર્થીઓની નોંધણી અને ખેડુતોની આવક બમણી કરવા ભારત સરકાર દ્વારા તા. ૧૪ એપ્રિલ ર્ડા.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિથી સમગ્ર દેશમાં ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે તા.૧૪ એપ્રિલના રોજ ર્ડા.બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજજયંતિ ઉજવણી પ્રસંગે પાલનપુર ખાતે કેન્દ્રીરય ખાણ, ખનીજ અને કોલસા રાજયમંત્રીશ્રી હરીભાઇ ચૌધરીના અધ્યેક્ષસ્થાોને સામાજિક ન્યાય દિવસની ઉજવણીનો કાર્યક્રમો યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પાલનપુર સીવીલ હોસ્પિડટલ આગળ આવેલ ર્ડા. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને કેન્દ્રી યમંત્રીશ્રી હરિભાઇ ચૌધરીએ ફુલહાર અર્પણ કરી ભાવાંજલિ અને શ્રધ્ધાનસુમન અર્પણ કર્યા હતા. ત્યારબાદ ર્ડા.આંબેડકર ભવન ખાતે કેન્દ્રી ય મંત્રીશ્રી હરીભાઇ ચૌધરીના અધ્યધક્ષસ્થાયને સામાજિક ન્યાય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમણે પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યુંશ કે ર્ડા.બાબા સાહેબ આંબેડકરનું સમગ્ર જીવન દેશ માટે સમર્પિત હતું. તેમણે કહ્યું કે ર્ડા.બાબા સાહેબે  દલિતો, ગરીબો, વંચિતો, મહિલાઓ સહિત સમગ્ર સમાજની ચિંતા કરી દેશને શ્રેષ્ઠક બંધારણ આપ્યુ છે. મંત્રીશ્રીએ કહ્યું કે ર્ડા.બાબા સાહેબ આંબેડકરના જીવનચરિત્રમાંથી પ્રેરણા લઇ રાષ્ટ્ર પ્રેમના ગુણો કેળવીએ. કેન્દ્રી ય મંત્રીશ્રી હરિભાઇ ચૌધરીએ જણાવ્યુંક કે વિકાસપુરૂષ તરીકે સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધા આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રેભાઇ મોદીએ ર્ડા.બાબા સાહેબના કાર્યોને ઉજાગર કરવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે દિલ્હીમાં ર્ડા.બાબા સાહેબનું રૂ. ૧૯૮ કરોડના ખર્ચથી ભવ્ય સ્મારક બનાવવામાં આવ્યું છે એટલુ જ નહી ર્ડા.બાબા સાહેબના જીવન સાથે જોડાયેલા તમામ સ્થળોએ સ્મારક બનાવી તેમના કાર્યોને કેન્દ્ર સરકાર દ્વારા બિરદાવવામાં આવી રહ્યા છે. મંત્રીશ્રીએ કહ્યું કે અનુસૂચિત જાતિ અને જનજાતિઓને રક્ષણ આપતા કાયદા એટ્રોસીટી એકટમાં કેન્દ્ર સરકારે ૨૦૧૫માં સુધારો કરી તેને કડક બનાવ્યો છે અને ૨૨ના બદલે ૪૭ જેટલાં અપરાધોનો તેમાં સમાવેશ કરાયો છે. તેમણે ઉમેર્યુ કે તાજેતરમાં સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદા સામે કેન્દ્ર સરકારે રિવ્યું પીટીશન કરી હતી. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા ૨૬ નવેમ્બરને સંવિધાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મંત્રીશ્રીએ કહ્યું કે અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને ઉધોગ માટે રૂ .૫૦ લાખથી ૧૫ કરોડ સુધીની લોન આપવામાં આવે છે. તેમણે કહ્યું કે ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત આજથી તા. ૫ મે સુધી દેશના ૨૧,૦૦૦ ગામોમાં લોકોને સામેથી તેમના ઘરે જઇ લાભો આપવાના કાર્યક્રમો યોજાશે. કેન્દ્રી ય મંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રતભાઇ મોદીના નેતૃત્વવ અને માર્ગદર્શનથી આપણે ઘણી બાબતોમાં વૈશ્વિક કક્ષાએ સિધ્ધિુઓ મેળવી છે. તેમજ વિકાસ અને સુશાસનનાં ફળ દેશભરમાં છેવાડાના વિસ્તા રો અને વ્યધક્તિઓ સુધી સરળતાથી પહોંચી રહ્યાં છે. તેમણે કહ્યું કે જનધન યોજનાથી ૩૧ કરોડ લોકોના બેન્ક એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે. ૩ વર્ષમાં ૩.૫૭ કરોડ લોકોને ગેસના કનેકશન આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આ સરકાર ગરીબો, વંચિતો, દલિતો અને છેવાડાના માનવીના સર્વાંગી વિકાસ અને સામાજિક સમરસતા માટે પ્રતિબધ્ધ છે. સમાજનો દરેક વ્યક્તિ સુખી થાય અને સમરસતાનું વાતાવરણ નિર્માણ થાય તે સરકારની પ્રાથમિકતા છે. આ પ્રસંગે બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાગલેએ ર્ડા.બાબા સાહેબ આંબેડકરને શ્રધ્ધાસુમન અર્પણ કરી પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે ર્ડા.બાબા સાહેબની જન્મ જયંતિ તા. ૧૪ એપ્રિલથી તા. ૫ મે સુધી બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે સામાજિક ન્યાય દિવસ, તા.૧૮ એપ્રિલ સ્વચ્છ ભારત દિવસ ઉજવણી, તા.૨૦ એપ્રિલના રોજ ઉજ્જવલા દિવસની ઉજવણી, તા.૨૪ એપ્રિલના રોજ રાષ્ટ્રી ય પંચાયતી રાજ દિવસની ઉજવણી, તા.૨૮ એપ્રિલના રોજ ગ્રામ સ્વરાજ દિવસની ઉજવણી, તા.૩૦ એપ્રિલના રોજ આયુષ્યવમાન ભારત દિવસની ઉજવણી, તા. ૨ મે-૨૦૧૮ના રોજ કિસાન કલ્યાણ દિવસની ઉજવણી, તા.૫ મે ના રોજ આજીવિકા દિવસની ઉજવણી કરવામાં આવશે. કલેકટરશ્રીએ કહ્યું કે મહામાનવ ર્ડા.બાબા સાહેબ આંબેડકરે શિક્ષિત બનો... સંગઠીત બનો.... અને સંઘર્ષ કરો....નો મંત્ર આપીને ઉચ્ચત્તમ મૂલ્યો શિખવ્યા છે. તેમણે કહ્યું કે આજે પણ વિદેશમાં ભણવા જવુ અઘરુ હોય છે ત્યારે આજથી ૧૦૦ વર્ષ પહેલાં ર્ડા.બાબા સાહેબે કેટલી તકલીફો વેઠીને વિદેશમાં જઇ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું તેમના જીવનમાંથી પ્રેરણા લઇ આગળ વધીએ. તેમણે કહ્યું કે સમગ્ર વિશ્વમાં ર્ડા.બાબા સાહેબ આંબેડકર જ્ઞાનનું પ્રતિક છે. તેમણે ભારતનું સંવિધાન ઘડીને આપણને વૈશ્વિક ગૌરવ અપાવ્યું છે. તેમણે અર્થશાસ્ત્રી તરીકે રિઝર્વ બેંકની સ્થાપના, નાણા આયોગની રચના વગેરેમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે શ્રી અશ્વિન સક્સેના નિર્મિત ભીમગાથા સી.ડી.નું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં બાળ કલાકાર મહેશ સોલંકી અને અમિત સોલંકીએ પોતાનો કંઠ આપ્યોા છે. સમાજ કલ્યાણ ખાતા દ્વારા અનુસૂચિત જાતિના વિધાર્થીઓને જાતિના પ્રમાણપત્રો, ઉજ્જવલા યોજનાના લભાર્થીઓને ગેસ કનેકશનની કીટ, પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ચેક એનાયત કરવામાં આવ્યા હતા તથા એલ.ઇ.ડી.બલ્બ વિતરણ મોબાઈલ વાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.  આ પ્રસંગે સ્વાગત પ્રવચન અનુ.જાતિ કલ્યાણ ખાતાના નાયબ નિયામકશ્રી ડી.આઇ.વાઘેલા કર્યુ હતું જયારે આભારવિધિ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.હડીયોલે કરી હતી. આ પ્રસંગેનગરપાલિકા પ્રમુખ શ્રીમતી નીલમબેન જાની, અનુ.જાતિ મોરચાના પ્રમુખશ્રી ભરતભાઇ પરમાર, પૂર્વ ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પ્રજાપતિ, અગ્રણીશ્રી સ્વામી આનંદ રાજેન્દ્ર, શ્રી હરેશભાઇ જાની, શ્રી અશ્વિન સક્સેના, શ્રી રાજુભાઇ ડાભી, શ્રી કુમુદબેન જોષી, નિવાસી અધિક કલેકટરશ્રી એલ.બી.બાંભણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી વિપુલ મહેતા, પ્રાંત અધિકારીશ્રી એ.ડી.જોષી, યુ.જી.વી.સી.એલ.ના અધિક્ષક ઇજનેરશ્રી એલ.એ.ગઢવી સહિત અગ્રણીઓ, અધિકારીઓ, વિશાળ સંખ્યાજમાં લોકો તથા વિધાર્થીઓ ઉપસ્થિ ત રહ્યા હતા.

# ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારા-આદર્શો-મૂલ્યોને જીવનમાં મૂર્તિમંત કરવાના સંકલ્પ સાથે કટિબધ્ધ થવા જિલ્લા કલેક્ટરશ્રી આર.એસ. નિનામાનો અનુરોધ

માહિતી બ્યુરો, રાજપીપલા, શનિવાર :- નર્મદા જિલ્લામાં જિલ્લા કલેકટરશ્રી આર.એસ.નિનામા, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી જીન્સી વિલીયમ, દલિત અધિકાર સંઘના પ્રમુખશ્રી મુળજીભાઇ રોહિત, સામાજિક અગ્રણીશ્રી જે.ડી. ચૌહાણ, નિવાસી અધિક કલેક્ટરશ્રી ડી.કે. બારીયા, જિલ્લા બાળ સુરક્ષા એકમના શ્રી ચેતનભાઇ પરમાર સહિત અન્ય આગેવાનો અને પ્રજાજનોની ઉપસ્થિતિમાં આજે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેકડરની ૧૨૭ મી જન્મ જયંતી નિમિત્તે યોજાયેલા "સામાજિક ન્યાય દિવસ" ની ઉજવણીને દિપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મુકીને જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાનનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે છત્તીસગઢના બીજાપુર ખાતે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે આયુષ્યમાન ભારત યોજનાના યોજાયેલા સમારોહમાં વડાપ્રધાનશ્રી મોદીના સંબોધનના કરાયેલા જીવંત પ્રસારણને પણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું. રાજપીપલા શહેરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે આજે યોજાયેલા ઉક્ત કાર્યક્રમને સંબોધતા જિલ્લા કલેક્ટરશ્રી આર.એસ. નિનામાએ જણાવ્યું હતું કે, ભેદભાવ, શોષણ, અન્યાય સામે હરહંમેશ ઝઝુમનારા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર કોઇને પણ અન્યાય ન થાય – સર્વને સમાનતા મળે તે માટે તેમના અનુભવોને આધારે મહિલા-પછાત-ગરીબ વર્ગને થતાં અન્યાય જેવી બાબતોને બંધારણમાં સમાવીને તેમને સાચો ન્યાય મળે તેવા અધિકારો આપીને બંધારણનું ઘડતર કર્યું છે. જિલ્લા કલેક્ટરશ્રી નિનામાએ વધુમાં ઉમેર્યું હતું કે, ડૉ. બાબાસાહેબનો વિદ્યાર્થી જીવનકાળ ખૂબ જ મુશ્કેલીવાળો હોવા છતાં તેમને ક્યારેય કોઇ ફરિયાદ કરી નહોતી. બલ્કે તેમના અભ્યાસ પ્રત્યે તેઓ હંમેશા ધ્યાન આપતાં હતાં અને પોતે ખુબ જ જીજ્ઞાસુ હોવાથી પાઠ્ય પુસ્તકોમાંથી આગળની બાબતો જાણવાની પણ તેમને ટેવ હતી. આર્થિક મુશ્કેલીઓમાં પૈસા વિના પણ ઉચ્ચ અભ્યાસ કરી શકાય છે તેનું ઉત્તમ ઉદાહરણ બાબાસાહેબ આંબેડકરે પુરૂં પાડ્યું છે. અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિશ્વના શ્રેષ્ઠ ૨૦ વિદ્યાર્થીઓની યાદીમાં પણ બાબાસાહેબ આંબેડકર ના નામનો પ્રથમ ક્રમે ઉલ્લેખ છે, ત્યારે બાબાસાહેબના જીવનમાંથી પ્રેરણા લઇને હવે પછી કોઇને અન્યાય ન થાય અને સૌને સમાનતા મળે તે સુનિશ્ચિત કરવાની સાથે બાબાસાહેબની વિચારધારા-આદર્શો-મૂલ્યોને મૂર્તિમંત કરવાના સંકલ્પ સાથે કટિબધ્ધ શ્રી નિનામાએ ખાસ અનુરોધ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી જીન્સી વિલીયમે જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી ઉજવણીની સાથે ગ્રામસભા અભિયાન પણ શરૂ કરાયું છે. આજના પ્રસંગે ડૉ. બાબાસાહેબના જીવનમાંથી પ્રેરણા લઇ તેમનો સંદેશ સાર્થક કરવાની દિશામાં સૌને કટિબધ્ધ થવાની ખાસ હિમાયત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ દ્વારા ૮ જેટલા લાભાર્થીઓને કુંવરબાઇનું મામેરૂ, અત્યાચાર સહાય, ખાનગી ટ્યુશન સહાય તેમજ ડૉ. આંબેડકર આવાસના ત્રીજા હપ્તાની સહાય પેટે ૮ લાભાર્થીઓને કુલ રૂા.૪.૭૩ લાખની સહાયના ચેકો એનાયત કરવાની સાથે સમાજ સુરક્ષા વિભાગ દ્વારા બે લાભાર્થીઓને સંત સુરદાસ દિવ્યાંગ માસિક પેન્શન રૂા.૬૦૦/- ની સહાય મંજૂરીના પત્રો એનાયત કરાયાં હતા. આ પ્રસંગે દલિત સમાજના અગ્રણીશ્રી જે.ડી. ચૌહાણે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, સમાજને થતાં અન્યાય સામે ન્યાય અપાવવામાં તનતોડ મહેનત કરનાર ડૉ. બાબાસાહેબે M.A., PHD, D.S.C., L.L.B., D.L., ની પદવી મેળવી હતી. વિદેશમાં અર્થશાસ્ત્ર વિષયમાં PHD કરનાર તેઓ પ્રથમ ભારતીય હતા. પરદેશમાં અભ્યાસ માટે સર સયાજીરાવ ગાયકવાડે બાબાસાહેબને શિષ્યવૃત્તિ આપી હતી. ૧૯૩૦, ૧૯૩૧ અને ૧૯૩૨ એમ સળંગ ત્રણ વર્ષ બ્રિટનમાં મળેલી ગોળમેજી પરિષદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભાગ લઈને ભારતના પછાત વર્ગો – સમાજના વંચિતોની પરિસ્થિતિનો ચિતાર આપ્યો હતો. બાબાસાહેબ ૯ ભાષાના જાણકાર હતા. ૧૯૩૨ માં થયેલા પૂના કરારમાં ભારતના વંચિતો-પછાતો માટે વિશેષ અધિકારોનો સમાવેશ કરાયો હોવાનું પણ શ્રી ચૌહાણે ઉમેર્યું હતું. આ પ્રસંગે મહિલા અગ્રણી શ્રીમતી ભારતીબેન તડવી, જિલ્લા પંચાયતના સમાજ કલ્યાણ અધિકારીશ્રી સલીમભાઇ શેખ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી ચેતન પરમાર, નાયબ માહિતી નિયામકશ્રી યાકુબ ગાદીવાલા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દિપેનભાઇ પંડ્યા, શ્રી હરેશભાઇ જોરાવીયા, દલિત સમાજના અગ્રણીઓ, વિવિધ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. અંતમાં જિલ્લા પંચાયતના સમાજ કલ્યાણ અધિકારીશ્રી સલીમભાઇ શેખે આભારદર્શન કર્યું હતું. આ કાર્યક્રમ અગાઉ આજે સવારે રાજપીપલા શહેરના રોહિતવાસ ખાતેથી ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતી નિમિત્તે ધારાસભ્યશ્રી પી.ડી. વસાવા, જિલ્લા કલેક્ટરશ્રી આર.એસ. નિનામા, નાંદોદ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જતીનભાઇ વસાવા, દલિત સમાજના આગેવાનો વગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલી રેલીને ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવાઇ હતી. રેલીના પ્રારંભે મહાનુભાવોએ બાબાસાહેબની છબીને પુષ્પમાળા અર્પણ કરીને પુષ્પાંજલી અર્પી હતી. "જય ભીમ" અને "બાબાસાહેબ અમર રહો" ના નારા સાથેની આ રેલી રોહિતવાસ થી હરસિધ્ધિ મંદિર થઇ, સંતોષ ચોકડી થઇ, સફેદ ટાવર થઇ સ્ટેશન રોડ થઇ, પેટ્રોલ પંપ પાસે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે પહોંચી હતી, જ્યાં મહાનુભાવો વગેરેએ ડૉ. બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી હતી.

# ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્વપ્રોને સાકાર કરવા ગ્રામ સ્વરાજ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો  છે -આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઇ કાનાણી

માહિતી બ્યુરો, અમરેલી, તા.૧૪ એપ્રિલ-૨૦૧૮, શનિવાર, ગ્રામ સ્વયરાજ અભિયાન અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતીને સામાજિક ન્યાય દિવસ તરીકે ઉજવવામાં આવ્યોર હતો. આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઇ કાનાણીની ઉપસ્થિદતિમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલાના ગીણીયા ખાતે ગ્રામ સ્વ રાજ અભિયાનનો પ્રારંભ કરી, ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મ દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઇ કાનાણીએ દીપપ્રાગટ્ય કરી જણાવ્યું કે, જેવી રીતે પૂ.બાપુનું સ્વકચ્છર ભારતનું સ્વેપ્રબ પૂર્ણ કરવા સ્વઆચ્છન ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યુ તેવી રીતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્વંપ્રો ને સાકાર કરવા ગ્રામ સ્વવરાજ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યોબ છે. રાજયમંત્રીશ્રી કાનાણીએ વધુમાં કહ્યું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર એ ભારતના ઈતિહાસના મહાન વ્યધક્તિ હતા. તેમના જન્મડદિવસે જન ઉપયોગી સુવિધાઓ-યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચે તે તેમના જન્મધદિવસની સાર્થક ઉજવણી છે. મંત્રીશ્રી કાનાણીએ કહ્યું કે, જરૂરિયાતોને વિવિધ યોજનાઓ નો લાભ મળી રહે તે માટે રાજય સરકાર કટિબધ્ છે. સૌનો સાથ સૌનો વિકાસ એ મંત્ર સાથે રાજય સરકાર સતત પ્રયત્નરશીલ છે. તેમણે ગ્રામ સ્વોરાજ અભિયાન કાર્યક્રમની રૂપરેખા આપી કાર્યક્રમના ઉદ્દેશ્યો જણાવ્યા હતા. તેમણે, ડો.બાબાસ ાહેબને સવાસો કરોડ દેશવાસીઓના નેતા ગણાવી સૌને સંકલ્પબદ્ધ થવા માટે અપીલ કરી કે બાબા સાહેબે શિક્ષિત બની સંગઠિત બની વિકાસનો જે કોલ આપ્યો છે તેને સૌના સાથ સૌના વિકાસના મંત્ર સાથે નેક બની એક બની સમાજ સમસ્ત સાકાર કરે એ જ બાબા સાહેબને સાચી શ્રધ્ધાંજલિ છે. સાસંદશ્રી નારણભાઇ કાછડીયાએ પૂ.બાપુને ટાંકતા જણાવ્યું કે, સાચું ભારત ગામડાઓમાં વસે છે ત્યાડરે ગ્રામ્ય વિસ્તાતરમાં સુવિધાઓ અને યોજનાકીય લાભ આપી ગામડાઓને મજબૂત બનાવવાનો ઉદ્દેશ્ય રહેલો છે. ગામ-ગરીબ-કિસાન માટે રાજય-કેન્દ્રબ સરકાર પ્રતિબધ્ધછ છે. શ્રી કાછડીયાએ વિવિધ યોજનાઓની વિગતો જણાવી, ગામડાઓને વિકાસ માટે જાગૃત્ત થઇ યોજનાકીય લાભો મેળવવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં પૂર્વ કૃષિમંત્રીશ્રી વી.વી. વઘાસીયા, કલેકટરશ્રી આયુષકુમાર ઓક, જિલ્લાક વિકાસ અધિકારીશ્રી યોગેશકુમાર નિરગુડે, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી્ નિયામકશ્રી પી.એમ. ડોબરીયા, જિલ્લાય ભાજપ પ્રમુખશ્રી હિરેનભાઇ હિરપરા, શ્રી કમલેશભાઇ કાનાણી, મહાનુભાવો-પદાધિકારીશ્રીઓ -અધિકારી-કર્મચારીશ્રીઓ અને ગીણીયાના ગ્રામજનો ઉપસ્થિરત રહ્યા હતા. પ્રારંભમાં શાબ્દિ ક સ્વાજગત કરતા પ્રાંત અધિકારીશ્રી પ્રજાપતિએ, ગ્રામ સ્વારાજ અભિયાનની સમગ્રતયા રૂપરેખા આપી તેના ઉદ્દેશ્યો જણાવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે,  અનુ. જાતિ કલ્યાણ-ગાંધીનગર દ્વારા ડૉ. બાબાસાહેબ જન્મ  જયંતી નિમિત્તે તા.૧૪ એપ્રિલ-૨૦૧૮થી તા.૫ મે-૨૦૧૮ દરમિયાન ગ્રામ સ્વારાજ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું  છે. સમગ્ર રાજયના ૧૭ જિલ્લાગના ૯૬ ગામોમાં આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલાના ગીણીયા, વડીયાના બાદનપુર અને બગસરાના ઝાંઝરીયા ગામની પસંદગી કરવામાં આવી છે. કાર્યક્રમના પ્રારંભે બાળાઓએ સ્વાપગત કૃત્તિ અને સાંસ્કૃપત્તિક કૃત્તિઓ રજૂ કરતા મહાનુભાવોએ તેમને રોકડ પુરસ્કારરોથી સન્માઅનિત કર્યા હતા. મંત્રીશ્રી તથા મહાનુભાવોનું ફળ-કઠોળની ટોપલીથી સ્વોગત કરવામાં આવતા, તેમણે આંગણવાડીના બાળકો માટે અર્પણ કર્યુ હતુ. આભારવિધી સરપંચશ્રી રમેશભાઇ વાઢેરે કરી હતી.

# સતલાસણા તાલુકાના ઉમરેચા ખાતે સામાજિક ન્યાય અધિકારીતા દિવસની ઉજવણી કરાઇ

માહિતી બ્યુરો, મહેસાણા, મહેસાણા જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણીનો પ્રારંભ સતલાસણા તાલુકાના ઉમરેચા ગામથી કરવામાં આવ્યો હતો.જે અંતર્ગત ડો. બાબા સાહેબની ૧૨૭મી જન્મ જયંતિના પગલે આજે જિલ્લામાં સામાજિક ન્યાય અધિકારીતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ તા.૧૪મી એપ્રિલ, ૨૦૧૮ થી તા. ૫મી મે, ૨૦૧૮ સુધી ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણી અંતર્ગત સમગ્ર રાજયની સાથે મહેસાણા જિલ્લામાં પણ ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણીનો પ્રારંભ જિલ્લા કલેક્ટર એચ.કે.પટેલ દ્વારા કરાવ્યો હતો જિલ્લા કલેક્ટર એચ.કે.પટેલે જણાવ્યું હતું કે આ અભિયાન અંતર્ગત ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી સૌભાગ્યપ યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, મિશન ઈન્દ્રધનુષ, વિધવા સહાય, વૃધ્ધ સહાય, સંકટ મોચન સહાય, પ્રધાનમંત્રી આવાસ યોજના, મા કાર્ડ યોજના, મા વાત્સલય યોજના જેવી વિવિધ યોજનાઓ હેઠળના લાભાર્થીઓને લાભાન્વિત કરવાની સાથે શૌચાલયયુકત ગામની પરિકલ્પનાને સાકાર કરવાનો ધ્યેય રખાયો છે. જિલ્લા વિકાસ અધિકારી મનોજ દક્ષિણીએ જણાવ્યું હતું  કે ગ્રામ સ્વરાજય અભિયાન અંતર્ગત તા. ૧૪મી એપ્રિલના રોજ સામાજિક ન્યાય દિવસ, તા. ૧૮મીના રોજ સ્વચ્છ ભારત દિવસ, તા.૨૦મીના રોજ ઉજ્જવલા દિવસ, તા.૨૪મીના રોજ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ, તા.૨૮મીના રોજ ગ્રામ સ્વરાજ દિવસ, તા. ૩૦મીના રોજ આયુષમાન ભારત દિવસ, તા.૨જી મેના રોજ કિસાન કલ્યાણ દિવસ અને તા.૫મી મેના રોજ આજીવિકા દિવસ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવ્યુંજ છે. આ દિવસો દરમિયાન વિષયને અનુરૂપ જિલ્લા/તાલુકા કક્ષાએ કાર્યક્રમોનું આયોજન કરવાની સાથે જે તે વિભાગો દ્વારા આપવા પાત્ર થતી સહાય લાભાર્થીઓ સુધી પહોંચે અને દરેક લાભાર્થીને લાભ મળે તે પ્રકારનું આયોજન કરાયું છે. ગ્રામ સ્વરાજ અભિયાન આ કાર્યક્રમ અંતર્ગત દેશના ૫૩૦ જિલ્લાઓના ૨૧,૫૦૮ ગામોની પસંદગી કરવામાં આવી છે.જેમાં રાજ્યના ૯૬ ગામો પૈકી મહેસાણા જિલ્લામાં ઉમરેચા ગામનો સમાવેશ કરાયો છે. ઉમરેચા ખાતે યોજાયેલ કાર્યક્રમાં બાળતુલા કાર્યક્મ યોજાયો હતો જેનું નિરીક્ષણ જિલ્લા કલેકટર,જિલ્લા વિકાસ અધિકારી અને નિવાસી અધિક કલેકટર દ્વારા કરાયું હતું.જિલ્લા કલેકટર દ્વારા વિવિધ સુચનો કરાયા હતા ઉમરેચા ગામની પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ક્વીઝ સ્પર્ધા યોજાઇત હતી ગ્રામ સ્વરાજ અભિયાનના આયોજીત કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા,જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીશ્રીઓ,સરપંચ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નડિયાદ ખાતે ર્ડા.બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મી જયંતિની ઉજવણી કરાઇ

જિલ્લો માહિતી કચેરી, નડિયાદ તા.૧૪-૦૪-૨૦૧૮(શનિવાર)- ભારતના બંધારણના ઘડવૈયા ર્ડા.બાબાસાહેબ આંબેડકરની જન્મણ જયંતિ નિમિત્તી ખેડા જિલ્લારના વડા મથક નડિયાદ ખાતે નગરપાલિકા ભવન, નડિયાદના ચોગાનમાંથી જિલ્લા  કક્ષાની સમરસતા રેલીનું આયોજન કરવામાં આવ્યુંહતું. આ રેલીને સાંસદ શ્રી દેવુંસિંહ ચૌહાણએ પ્રસ્થારન કરાવ્યું  હતું. રેલી નગર નડિયાદના રાજમાર્ગો ઉપર ફરી સંતરામ મંદિર પાસે આવેલ ર્ડા.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે પહોંચી હતી. ર્ડા.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સાંસદશ્રીએ હાર પહેરાવી નમન કર્યા હતા અને જણાવ્યુંમ હતું કે, ર્ડો.બાબાસાહેબ આંબેડકરની દુરંદેશીતાના કારણે આજે ભારતનું બંધારણ સર્વોપરી અને વિશ્ર્વમાં અગ્રગણ્યં છે. સાંસદશ્રીએ ર્ડા.બાબાસાહેબ આંબેડકરના જીવન અંગે પ્રકાશીત થયેલા પુસ્તઅકો ખરીદી પ્રજાજનોને તેનો મહત્તઆમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. રેલીમાં જોડાયેલ જિલ્લારના અધિકારીઓ અને પદધિકારીઓએ પ્રતિમાને ફુલહાર અર્પણ કર્યા હતા. આ રેલીમાં જિલ્લા કલેકટરશ્રી આઇ.કે.પટેલ, જિલ્લાય વિકાસ અધિકારીશ્રી મોદી, જિલ્લામ પોલીસ વડા શ્રી પવાર, અનુસુચિત જાતિ કલ્યારણ વિભાગના શ્રી મકવાણા, જિલ્લામના પદાધિકારીઓ અને જિલ્લાઆના અમલીકરણ અધિકારીઓ સહિત મોટી સંખ્યાામાં નગરજનો ઉપસ્થિાત રહયા હતા.

ઘનશ્યામ માખીજા ૯૪૨૬૩૨૮૮૭૨

લકી વોટર સપ્લાય

ચોખ્ખા પાણી માટે મળો

કમલ સીનેમા પાછળ, રામનગર,
સાબરમતી, અમદાવાદ- ૩૮૦ ૦૦૫.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

એક શુભેચ્છક

